દાવો દાખલ કર્યા તાઃ ૦૪/૧૦/૨૦૧૧
દાવો રજી. લીધાં તાઃ ૦૪/૧૦/૨૦૧૧
ઠરાવ જાહેર કર્યા તાઃ ૩૦/૧૧/૨૦૧૯
સમયગાળોઃ ૦૮ વર્ષ ૦૧ માસ ૨૬ દિવસ

# મે. એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુઃ પેટલાદ

**કો. મુ. નં. ૧૩૭ / ૨૦૧૧**

**આંક : ૭૫**

ઈશ્વરભાઈ કેસરભાઈ ગઢવી મૈયત
ની સંયુક અવિભકત કુટુંબની મીલકતોના વહીવટકર્તા તથા
વારસ જાતે પોતે **વિશ્નુભાઈ ઈશ્વરભાઈ ગઢવી**
રહે. મુ. રામોદળી, તા. પેટલાદ, જી. આણંદ.
હાલ રહે. જંબુસર, :::: **વાદી**

**–:: વિ રૂ ધ્ધ ::–**

(૧) **દીલીપભાઈ રતનસિંહ ગઢવી,**
રહે. મુ. રામોદળી, તા. પેટલાદ, જી. આણંદ.

(૨) **કુન્દનબેન ભરતભાઈ ગઢવી,**
રહે. મુ. રામોદળી, તા. પેટલાદ, જી. આણંદ.

(૩) **પ્રભુદાસ કેસરભાઈ ગઢવી મૈ.વા**
જલુબેન તે પ્રભુદાસ કેસરભાઈ ગઢવીના
વીધવા પત્ની મૈ. વારસ.
(૧) જીજીબેન પ્રભુદાસ ગઢવી,
રહે. મુ. ખડોલ, તા. કપડવંજ, જી. ખેડા

(૨) રતીબેન પ્રભુદાસ ગઢવી,

રહે. મુ. સોજીત્રા, ઠે. નવી પોલીસ લાઈન,

તા. સોજીત્રા, જી. આણંદ.

**(૪) કહાનદાસ કેસરભાઈ ગઢવી મૈ. વા.**

(૧) કેસરબેન તે કહાનદાસ કેસરભાઈ ગઢવીના પત્ની

રહે. મુ. રામોદળી, તા. પેટલાદ, જી. આણંદ.

(૨) ગીરીશભાઈ કહાનદાસ ગઢવી,

રહે. મુ. રામોદળી, તા. પેટલાદ, જી. આણંદ.

(૩) પ્રવીણભાઈ કહાનદાસ ગઢવી,

રહે. મુ. રામોદળી, તા. પેટલાદ, જી. આણંદ.

(૪) નંદાબેન કહાનદાસ ગઢવી,

રહે. મુ. ખડોલ, તા. કપડવંજ, જી. આણંદ.

(૫) મનુબેન કહાનદાસ ગઢવી મૈ. વા.

(૧) દીનેશભાઈ હસમુખલાલ ગઢવી,

રહે. મુ. ખડોલ, તા. કપડવંજ, જી. ખેડા.

(૨) ભાવનાબેન હસમુખલાલ ગઢવી,

રહે. મુ. ખડોલ, તા. કપડવંજ, જી. ખેડા.

**(૫) રતનસંગ કેસરભાઈ ગઢવી,**

રહે. મુ. રામોદળી, તા. પેટલાદ, જી. આણંદ.

**(૬) અમુબેન કેસરાભાઈ ગઢવી મૈ. વા.**

(૧) નટુભાઈ હરીભાઈ ગઢવી,

રહે. મુ. ચારણના મુવાળા, તા. મહેમદાવાદ, જી. ખેડા.

(૨) છત્રસીંહ હરીભાઈ ગઢવી,

રહે. મુ. ચારણના મુવાળા, તા. મહેમદાવાદ, જી. ખેડા.

(૩) બળવંતભાઈ હરીભાઈ ગઢવી,

રહે. મુ. ચારણના મુવાળા, તા. મહેમદાવાદ, જી. ખેડા.

**(૭) કુવરબેન કેસરભાઈ ગઢવી,**

રહે. મુ. બોરડીના મુવાડા, પો. ખડોલ, તા. કપડવંજ, જી. ખેડા.

**(૮) જીવુંબેન કેસરભાઈ ગઢવી,**

રહે. મુ. બોરડીના મુવાડા, પો. ખડોલ, તા. કપડવંજ, જી. ખેડા. :::: **પ્રતિવાદીઓ**

## દાવો:– રૂપીયા ૨૧૦૦૦/–ના આંકથી

**વાદી તરફે વિ. વકીલ શ્રી ::– પી. આર. પટેલ.**

**પ્રતિવાદી તરફે વિ.વકીલશ્રી::– એમ. બી. ઝાલા.**

## –:: ઠ રા વ :–

૧. **વાદીના દાવાની ટુંકમાં હકીકત ::–**

આ કામે વાદીનાં દાવાની ટુંક હકીકત એવી છે કે, વાદી મુળ રામોદળી તા. પેટલાદના રહીશ છે પ્રતિવાદી નંબર (૧) અમો વાદીના સગા કાકા રતનસિંહ ગઢવીના દીકરા થતા આવેલા છે. જયારે પ્રતિવાદી નંબર (૨) કુંદનબેન ભરતભાઈ ગઢવી અમો વાદીના કાકા રતનસિંહ ના બીજા દીકરાના પત્ની છે. વાદી તથા પ્રતિવાદીઓ મુળ ગઢવી કેશરભાઈ અલુભાઈના વારસદારો છે. ગઢવી કેસરભાઈ અલુભાઈને છ દીકરાઓ હતા તથા ત્રણ દીકરીઓ હતી અને તમામ હીન્દુ ધર્મ પાળતા હતા. ગઢવી કેશરભાઈ અલુભાઈ ૩૮ વર્ષ ઉપર ગુજરી ગયેલા તેમના ધર્મ પત્ની નામે મુળબાઈ આજથી ૪૦/૪૫ વર્ષ ઉપર ગુજરી ગયેલા અને તેમને દીકરાઓમાં પ્રભુદાસ, કેશરભાઈ જેઓ ૧૭ વર્ષ ઉપર ગુજરી ગયેલા અને તેઓને વારસમાં તેમના પત્ની જલુબેન જેઓ નવ વર્ષ ઉપર ગુજરી ગયેલા જયારે જીજીબેન અને રતીબેન બે પુત્રીઓ હતી. જે હાલ હયાત છે અને તેમના સાસરે છે. જે આ કામે અનુક્રમે પ્રતિવાદી નંબર ૩(૧) અને ૩(૨) છે. મૈયત કેશરભાઈ અલુભાઈને બીજા પુત્રમાં પ્રતિવાદી નંબર (૪) કાન્દાસભાઈ હતા, જેઓ ૧૪ વર્ષ ઉપર ગુજરી ગયેલ છે અને તેમના વારસોમાં તેમના પત્ની પ્રતિવાદી નંબર (૪) કેશરબેન જે હયાત છે. ત્યારબાદ બે પુત્રો પ્રતિવાદી નંબર ૪(૨) ગીરીશભાઈ તથા પ્રતિવાદી નંબર ૪(૩) પ્રવીણભાઈ બંને રામોદડી ગામે રહે છે અને તે સિવાય બે પુત્રી પ્રતિવાદી નંબર ૪(૪) નંદાબેન તથા પ્રતિવાદી નંબર ૪(૫) મનુબેન છે જે મૈયત થયેલા છે. પ્રતિવાદી નંબર ૪(૪) નંદાબેન તેમના સાસરે છે મનુબેનને વારસમાં એક પુત્ર પ્રતિવાદી નંબર ૪(૫)(૧) દીનેશભાઈ, દીકરીઓમા પ્રતિવાદી નંબર ૪(૫)(૨) ભાવનાબેન અને પ્રતિવાદી નંબર ૪(૫)(૩) મીનાબેન છે જે હયાત છે. જે દાવા અરજીના મથાડે બતાવેલ સરનામે રહે છે. મૈયત

કેશરભાઈ અલુભાઈના બીજા વારસોમાં મુળજીભાઈ કેશરભાઈ હતા તેઓ નિર્વંશ અને અપરણીત હતા. જેઓ એક વર્ષ ઉપર મૈયત થયેલા છે. બાદ બીજા વારસોમાં તખતસિંહ હતા તેઓ પણ નિર્વંશ ૩ર વર્ષ ઉપર ગુજરી ગયેલા છે અને ત્યારબાદ પ્રતિવાદી નંબર (૫) રતનસિંગ વારસદાર છે. જેઓ હયાત છે અને પ્રતિવાદી નંબર (૧) ના પિતા છે. જયારે પ્રતિવાદી નંબર (ર) ના સસરા છે. તે સિવાય બીજા ત્રણ દીકરી અમુબેન મૈયત થયેલ છે. તેમના વારસોમાં પ્રતિવાદી નંબર ૬(૧), ૬(ર) અને ૬(૩) છે તેમજ પ્રતિવાદી નંબર (૭) કુવરબેન તથા પ્રતિવાદી નંબર (૮) જીવુબેન હયાત છે. તેઓ તેમના સાસરે છે. જે દાવા અરજીમાં મથાડે બતાવેલ સરનામે રહે છે. મૈયત મુળજીભાઈ કેશરભાઈ આજથી એક વર્ષ ઉપર નિર્વંશ અપરણીત મૈયત થયેલ છે અને તેઓની મોજે રામોદડી મુકામે એક ગભાણ તેમના નામે પંચયાતમાં હતું, જે અનુક્રમે નંબર ૫૩૧ થી નોંધાયેલ હતું હાલમાં તે ગભાણનો નંબર ૫૭૮ છે જે પ્રતિવાદી નંબર (ર) ના પતિ ભરતભાઈ એ તલાટી સાથે ભળી જઈ કોઈપણ પ્રકારના અવેજ કે દસ્તાવેજ વીના ગેરકાયદેસર બીનઅધીકારે પોતાના નામે ર૦૦૦ ની સાલમાં ચઢાવેલ છે અને હાલમા વર્ષ ર૦૧૦–૧૧ ની સદર મીલકતની ચઢવણી પત્રકની નકલ કઢાવતા તેમાં પ્રતિવાદીનુ ખોટી રીતે કોઈ પણ જાતના આધાર વીના થયેલાનુ (ચઢાવેલ હોવાનું) જણાઈ આવેલ. જયારે મુળુભાઈ કેશરભાઈની બીજી મીલકત ઘર નંબર ૧૮૬ જે ૧૯૯૪–૯૫ મા ઘર નંબર ૫૦૩ આપવામા આવેલ હાલમાં આકારણી પત્રક ઘર નંબર ૫૫૧ છે. તેમા પ્રતિવાદી નંબર ૧ નુ નામ જોતા તે અંગે તપાસ કરતા તા. ૧૭/૪/૯૯ ના રોજ ઠરાવ નંબર ૬/૧ થી ખોટી રીતે તલાટી કમ મંત્રી તથા સરપંચશ્રી સાથે ભળી જઈ પ્રતિવાદી નંબર (૧) એ પોતાના નામે કરેલ છે. તેવુ જાણવા મળેલ છે. ઉપરોકત મીલકતો ખોટી રીતે મુળુભાઈ કેશરભાઈના આડીલીટીના વારસો હોવા છતાં અને હિન્દુ કાયદા મુજબ મુળુભાઈ કેશરભાઈને વારસો ન હોય બીનઅધીકારે ખોટી રીતે નામે કરેલ છે. જેથી સદર મીલકતમાં ગેરકાયદેસર દાખલ થયેલ નામ રદ કરવા ઠરાવવા માટે તથા વાદીનો દાવાવાળી મીલકતમા ૧/૭ હીસ્સો આવે છે તે હીસ્સો દાવવાળી મીલકતની સરસ નરસ વહેંચણી કરી અમો વાદીને આવતો હીસ્સો છુટો પાડી વાદીને હીસ્સે સોંપવા પ્રતિવાદીને તા. ૧૪/ર/૧૧ ના રોજ રજી.એડી. થી નોટીસ આપેલી તે નોટીસ બજી ગયેલ હોવા છતાં તેનો કોઈ અમલ કરેલો નથી. જેથી પ્રતિવાદીઓએ દાવાવાળી મીલકત ખોટી રીતે પોતાના નામે દાખલ કરાવેલ છે. જે ખોટી રીતે અમો પ્રતિવાદીઓને નામે કરાવેલ છે તેવુ ઠરાવવા માટે તથા વાદીનો કાયદેસર આવતો ૧/૭ હીસ્સો સરસ નરસ વહેંચણી કરી જુદો પાડી વાદીને હીસ્સે સોંપવા ઠરાવવા માટે આ દાવો કરવાની જરૂર થયેલ છે. વાદી સંયુકત હિન્દુ કુટુંબના મૈયત ઈશ્વરદાસ કેશરદાસની મીલકતનો

વહીવટકર્તા છીએ. દાવાનુ કારણ પ્રતિવાદીઓને દાવાવાળી મીલકતમાંથી તેની સરસ નરસ વહેંચણી કરી વાદીને આવતો હીસ્સો જુદો પાડી અમારો પ્રત્યક્ષ કબજો સોંપવા માટેની તા. ૧૪/૨/૧૧ ના રોજ નોટીસ આપી માંગણી કરી ત્યારથી અને ત્યારબાદ સદર કોર્ટની હકુમતના ગામ રામોદડી મધ્યે ઉત્પન થયેલ છે. વાદીએ દાદ માંગેલ છે કે દાવા અરજીનાં પેરા–૧૦મા જણાવેલ દાવાવાળી મીલકતોની સરસ નરસ વહેંચણી કરી તેમાંથી વાદીનો કાયદેસર આવતો ૧/૭ હીસ્સો જુદો પાડી પ્રતિવાદી નંબર ૧, ૨ પાસેથી તેનો ખાસ ખાલી અને પ્રત્યક્ષ કબજો વાદીને કબજે સોંપવા તથા દાવા અરજીનાં પેરા–૧૦ માં જણાવેલ દાવાવાળી મીલકતમાં પ્રવેશ કરતા રોકે રોકાવે નહી તથા તેનો વાપર ઉપભોગ કરતા અવરોધ અટકાવ કરે કરાવે નહી તેવો પ્રતિવાદી તથા માણસો, નોકરો, એજન્ટોને જાથુનો મનાઈ હુકમ આપવા તથા દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા અરજ ગુજારેલ છે.

૨. ***<u>પ્રતિવાદીના દાવા–જવાબની ટુંકમાં વિગત ::–</u>***

સદર દાવાના કામે પ્રતિવાદી નંબર ૨, ૩(૧), ૩(૨), ૪(૧), ૪(૨), ૪(૩), ૪(૪), ૪(૫)(૧), ૬(૧), ૬(૨), ૬(૩), ૭, ૮ વાળાને દાવાનો સમન્સ તથા નોટીસ બજી ગયેલ હોવા છતા હાજર નથી કે તેમના તરફથી કોઈ રીપોર્ટ રજુ થયેલ ન હોવાથી તમામ પ્રતિવાદીઓનનો જવાબ રજુ કરવાનો હકક તા. ૧૩/૧/૧૨ ના રોજ આંક–૧ નીચે હુકમ કરી બંધ કરવામાં આવેલ છે.

પ્રતિવાદી નંબર (૧) તથા (૫) નાઓએ આંક–૧૩ થી તેના દાવા–જવાબમાં જણાવેલ છે કે, વાદીનો હાલના સ્વરૂપનો દાવો કાયદા મુજબ ચાલી શકે તેમ ન હોય રદ થવાને પાત્ર છે. વાદીનો દાવો ખરો, કાયદેસરની, શુઘ્ધબુઘ્ધિપુર્વકની નથી. આ કામના વાદીને હાલના સ્વરૂપનો દાવો ઈશ્વરભાઈ કેસરભાઈ ગઢવી મૈયતની સંયુકત અવિભકત કુટુંબની મીલકતોના વહીવટકર્તા તથા વારસ દરજજે હાલના સ્વરૂપનો દાવો લાવવાનો કાયદેસર રીતે કોઈ જ હકક કે અધિકાર નથી. કારણકે વાદી ઘણા વર્ષો થી અલગ રહે છે અને જંબુસર મુકામે શીક્ષક તરીકે નોકરી કરે છે. આમ, વાદી ઘણા વર્ષોથી પોતાના કુટુંબ સાથે અલગ રહે છે. જયારે ઈશ્વરભાઈ કેસરભાઈ ગઢવી મૈયતના અન્ય વારસોમાં પુત્ર સુરેશભાઈ તથા વીધવા પત્ની જાબાબેન છે. જે બંને વારસો જરૂરી પક્ષકાર હોવા છતાં વાદીએ હાલના દાવામાં પક્ષકાર તરીકે જોડેલ નથી. વાદી અને વાદીના સગાભાઈ સુરેશભાઈ બંને ભાઈઓ ઘણા વર્ષોથી અલગ અલગ રહે છે. સુરેશભાઈ રામોદડી તા. પેટલાદ મુકામે જે ભાઈઓ ભાગે પ્લોટ આવેલ છે તે પ્લોટ ઉપર આવેલ મકાનમાં રહે છે. જયારે સ્વ.

ઈશ્વરભાઈ ના વીધવા પત્ની જાબાબેન એકલા સ્વતંત્ર રીતે રામોદડી મુકામે રહે છે. આમ વાદી સંયુકત અવિભકત કુટુંબના વહીવટકર્તા હોવાનુ વાદીએ દાવાના મથાળે તદન ખોટુ જણાવેલ છે અને અન્ય વારસો હોવા અંગેની હકીકત બદઈરાદાથી છુપાવેલ છે. જેથી વાદીના દાવાને જરૂરી પક્ષકારો જોડેલ ન હોય તે રીતે પક્ષકારોનો બાદ છે અને કારણસર વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. વાદીએ હાલનો જે દાવો કરેલ છે તે દાવાવાળી મીલકત અંગે ગુજરનાર ગઢવી કેસરભાઈના છ પુત્રો વચ્ચે ઘણા વર્ષો પહેલા ઘરમેળે વહેંચણ થઈ ગયેલ છે તે વહેંચણ મુજબ ઈશ્વરદાન કેસરભાઈના ભાગમાં વારસદાર દરજજે મકાન–વાડો આવેલ તે ગઢવી વાસમાં આવેલ જુનુ મકાન જેમા વાદીના માતાશ્રી હાલ રહે છે અને વાડાની જમીન ભાગમા આવેલ તે જમીન ઉપર અવોલ મકાનમાં વાદીના મોટાભાઈ સુરેશભાઈ હાલ રહે છે. આમ, વારસદાર દરજજે ભાગ બરાબર મળી ગયેલ હોય વાદીના મોટાભાઈ અને માતાશ્રીએ કોઈ હીસ્સો મેળવવા દાવો કરેલ નથી કે સદરહુ દાવામાં પક્ષકાર તરીકે રહેલ નથી. વહેંચણના લખાણ મુજબ ભાઈઓ વચ્ચે વહેંચણ થઈ ગેલ તે રીતે ૨૫ વર્ષ પહેલા ભાઈઓ વચ્ચે વહેંચણ થઈ હોય કાયદા મુજબ ત્રણ વર્ષમાં વાદીએ દાવો લાવવો જોઈએ, જે વાદી લાવેલ ન હોય લીમીટેશન એકટના પ્રબંધો મુજબ સ્પષ્ટ રીતે મુદતની બહાર હોય તે કારણસર પણ દાવો રદ થવાને પાત્ર છે. વાદીએ રેવન્યુ રેકર્ડ તથા દસ્તાવેજી આધારોથી વિરૂધ્ધની હકીકતો રજુ કરી હાલનો આ દાવો કરેલ હોય પ્રથમ દ્રષ્ટીએ જ વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. વાદગ્રસ્ત મીલકતમાં વાદીનો કોઈ રાઈટ ટાઈટલ ઈન્ટ્રેસ્ટ કાનુની રીતે છે નહી કારણકે વાદી ઈશ્વરભાઈ કેસરભાઈ ગઢવીના પુત્ર છે. કાયદા મુજબ ઈશ્વરભાઈ કેસરભાઈના મૃત્યુ બાદ ગુજરનારના વીધવા પત્ની તથા અન્ય વારસો દાવો લાવી શકે તેઓની ગેરહાજરીમાં માત્ર વાદીને દાવો લાવવાનો હકક નથી. વાદીના પિતાશ્રીએ તેઓની હયાતીમા વારસદાર દરજજે હીસ્સો મેળવવા અંગે કોઈ જ દાવો કરેલ નથી. આજથી પચ્ચીસ વર્ષ પહેલા મજીયારી મીલકતા ભાગ પડી ગયેલ અને બાદ પંચાયતના આકારણી નંબર ૫૦૩ વાળી ઓરડીમાં કૌટુંબીક વહેંચણીમાં ગઢવી મુળુભાઈ કેસરભાઈના હીસ્સામાં આવેલ મીલકતનો અઘાટ વેચાણ નો દસ્તાવેજ ગઢવી મુળુભાઈ કેસરભાઈએ તા. ૧૦/૧૨/૨૦૦૮ ના રોજ રજી. દ. નં. ૨૨૭૯ (નવો નંબર ૧૬/૦૯) નો પ્રતિવાદી નંબર (૧) દીલીપકુમાર રતનસંગના નામનો કરી આપેલ. સદરહુ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજમાં જણાવ્યા મુજબની મીલકત દસ્તાવજની રૂએ પ્રતિવાદી નંબર (૧) ની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની હોઈ વાદગ્રસ્ત મીલકતમાં વાદીનો કોઈ પણ પ્રકારનો રાઈટ ટાઈટલ ઈન્ટ્રેસ્ટ વાદગ્રસ્ત મીલકતમાં ન હોય હાલના વાદીને રહેતો નથી. સદરહુ કામે પ્રતિવાદી નંબર (૧) તથા (૨) અને (૫) ના વાદગ્રસ્ત મીલકતા લો

ફુલ ઓનર છે ત્યારે માંગ્યા મુજબ વાદીને ૧/૭ હીસ્સો જુદો પાડી પ્રતિવાદી નંબર (૧), (૨) પાસેથી ખાલી કબજો સોંપવા કબજા બાબતનો હુકમ કાયદા મુજબ વાદી માંગવા કે મેળવવા હકકદાર નથી. વાદી નામદાર કોર્ટમાં ચોખ્ખા હાથે આવેલા નથી. વાદીને વાદગ્રસ્ત મીલકતના દસ્તાવેજ અંગે તથા પંચાયતના રેકર્ડ તથા ભાઈઓ ભેગા થયેલ વહેંચણ અંગે પ્રથમથી જ સંપુર્ણ જાણકારી હોવા છતાં દાવા અરજીમાં ઉપરોકત બાબતને છુપાવેલ છે. પ્રતિવાદી વધુમાં જણાવે છે કે મુળજીભાઈ કેસરભાઈ તા. ૨૩/૪/૦૯ ના રોજ અવસાન પામેલ છે. જે રામોદડી ગ્રામ પંચાયતમાં નોંધણી ક્રમાંક ૪ થી તા. ૨૫/૪/૦૯ ના રોજ નોંધ થયેલ છે. મોજે રામોદડી ગામે અનુક્રમ નંબર ૫૭૮ વાળી મીલકત કે જે ગઢવી ફળયાથી ઓળખાય છે તે મીલકત ગઢવી કુંદનબેન ભરતકુમાર રતનસંગના નામે માલીક તરીકે ચાલે છે તેમજ તે અંગેના વેરાઓ પણ તેઓ ભરે છે. જયારે મોજે રામોદડી ગામે અનુક્રમ નંબર ૫૫૧ વાળી મીલકત જે ગઢવી ફળીયાથી ઓળખાય છે તે મીલકત ગઢવી દીલીપભાઈ રતનસંગ ના નામે માલીક તરીકે ચાલે છે તેમજ તે અંગેના વેરાઓ પણ પ્રતિવાદી નંબર (૧) ભરે છે. મોજે રામોદડી ગામે અનુક્રમ નંબર ૫૫૦ વાળી મીલકત જે ગઢવી ફળીયાથી ઓળખાય છે તે મીલકત ગઢવી રતનસંગ કેસરભાઈના નામે માલીક તરીકે ચાલે છે તેમજ તે અંગેના વેરાઓ પણ પ્રતિવાદી નંબર (૫) ભરે છે. પ્રતિવાદી નંબર (૧) નાએ મુળુભાઈ કેસરભાઈ પાસેથી અઘાટ વેચાણ રાખેલ સદરહું ઘર નંબર ૫૦૩ જે કુલ માપમાં ચો. મી. ૨૨.૩૦.૪૮ છે તે ઓરડી તથા ગભાણની જમીન જે કુલ માપમાં ચો.મી. ૭૯ છે તે બંને મીલકત મુળુભાઈ કેસરભાઈ ગઢવીએ અમો પ્રતિવાદી નંબર (૧) ને રૂપીયા ૬૦,૦૦૦/– માં તા. ૧૦/૧૨/૨૦૦૮ ના રજી. દ. નંબર ૨૨૭૯ (નવો નં.૧૬/૦૯) થી અઘાટ વેચાણ આપેલ હોય પ્રતિવાદી નંબર (૧) ની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની છે. આ કામના વાદીએ તા. ૧૪/૨/૧૧ ના રોજ કોઈ નોટીસ આપેલ નથી. વાદીનો વાદગ્રસ્ત મીલકતમાં કોઈ જ હકક કે અધિકાર નથી. વાદીને વાદગ્રસ્ત મીલકતની વહેંચણી કરાવવા કે હીસ્સો છુટો પાડી પોતાના હીસ્સે કોઈ મીલકતની માંગણી કરવાનો કાયદેસર રીતે કોઈ જ હકક કે અધિકાર નથી તેમ જણાવી વાદીની દાવા અરજીના પેરા–૫ મોટા ભાગની હકીકતોનો ઈન્કાર કરેલ છે. વાદીએ ઘણા વર્ષો પછી હાલના સ્વરૂપે વાંધા તકરાર લેવા કે હીસ્સો માંગવા હાલના સ્વરૂપે દાવો કરવાનો કોઈ જ હકક કે અધિકાર નથી તેમ જણાવી વાદીના દાવા અરજીની પેરા –૬ ની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વાદીના દાવા અરજીનાં પેરા–૭ માં જણાવેલ હકીકતો અંગે કાંઈ વીશેષ હકીકત જણાવવા માંગતા ન હોવાનુ પ્રતિવાદીઓએ જણાવેલ છે તેમજ વાદીના દાવા અરજીનાં પેરા–૮મા જણાવેલ પક્ષકારોના સરનામા મથાળે જણાવ્યા મુજબના હોવાનુ તેઓ જાણતા નહી હોવાનુ જણાવેલ છે.

આમ ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ વાદી દાવા અરજીના પેરા–૯ના સબબ પેરા–૧ થી ૪ માં માંગ્યા મુજબની કોઈ જ દાદ માંગવા કે મેળવવા હકકદાર નથી. વાદી દાવા અરજીના પેરા–૧૦મા જણાવે છે તે દાવાવાળી મીલકતની સરસ–નરસ વહેંચણી કરી તેમાંથી વાદી ૧/૭ હીસ્સો કે કાંઈપણ માંગવા કે મેળવવા હકકદાર ન હોય અમો પ્રતિવાદી નંબર (૧) અને (૫) ના પાસેથી ખાસ, ખાલી કે પ્રત્યક્ષ કબજો માંગવા કે તે અંગે હુકમનામુ મેળવવા  હકકદાર ન હોય વાદીનો દાવો ખર્ચસહીત રદ થવાને પાત્ર છે. વાદીને દાવા અરજી પેરા–૯(૧) મા માંગ્યા મુજબની દાદ મેળવવાનો કાયદેસર કોઈ હકક ન હોય દાવા અરજીના પેરા–૯(૨) માં જણાવ્યા મુજબ વાદીને વાદગ્રસ્ત મીલકતમાં પ્રવેશ કરવાનો પણ હકક નથી જેથી તે સ્વરૂપે કોઈ જ દાદ મેળવવા હકકદાર નથી. જેથી વાદીનો દાવો ન્યાયના વીશાળ હીતમાં ખર્ચ સહીત રદ ફરમાવવા અરજ ગુજારેલ છે. વધુમાં પ્રતિવાદીને વાદીએ હેરાન કરવા તથા ખર્ચના ખાડામાં ઉતારીને માનસીક ત્રાસ આપવા અને તેમ કરીને હકક ન હોવા છતાં વાદગ્રસ્ત મીલકતમાંથી ગેરકાયદેસર રીતે હીસ્સો મેળવવાના બદઈરાદાથી ખોટી હકીકતો વાળો હાલનો દાવો કરેલ હોય વાદી પાસેથી પ્રતિવાદીને થયેલ ખર્ચ તથા ખાસ સંજોગોમાં પ્રતિવાદીઓને વેઠવી પડેલ માનસીક યાતના અને ત્રાસના કારણે સબબ વાદી પાસેથી સ્પે.કોષ્ટ વસુલ અપાવવા હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.

૩. આ દાવાના નિર્ણય માટે આંક–૨૪ થી મુદ્દાઓ મુકરર કરવામાં આવેલાં છે, તે નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. | શું વાદી પુરવાર કરે છે કે તે ગુજ કેશરભાઈ અલુભાઈ ગઢવીના કાયદેસરના વારસદારો છે? |
| ૨. | **આંક ૨૬ ના હુકમ મુજબ મુદો ડીલીટ કર્યો.** |
| ૩. | શું વાદી પુરવાર કરે છે કે દાવાવાળી જમીનમાં વાદીનો હકક હીસ્સો હોવા છતાં પ્રતિવાદી નંબર ૧ તથા ૨ નાઓએ પોતાના નામે કરાવી લીધેલ છે? |
| ૪. | શું વાદી પુરવાર કરે છે કે દાવાવાળી જમીન ગઢવી મુળુભાઈના ભાગે આવેલ અને તે પ્રમાણે પ્રતિવાદી નંબર ૧ ને કરી આપેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ૨૨૭૯(નવો નંબર ૧૬/૦૯) કાયદા વિરૂઘ્ધનુ અને નલ એન્ડ વોઈડ છે? |
| ૫. | શું પ્રતિવાદી પુરવાર કરે છે કે વાદીઓના દાવાને લીમીટેશન બાધ નડે છે? |
| ૬. | શું પ્રતિવાદી પુરવાર કરે છે કે વાદીઓના દાવાને પક્ષકારોની ખામીનો બાધ નડે |

| | |
|---|---|
| | છે? |
| ૭. | શું પ્રતિવાદી પુરવાર કરે છે કે વાદીઓનો દાવો કાયદેસરના કારણના અભાવે રદ્દ થવાને પાત્ર છે? |
| ૮. | શું વાદીઓ દાવા અરજી પેરા(૯)માં માંગ્યા મુજબની દાદ મેળવવા કાયદેસર હકકદાર છે? |
| ૯. | શું હુકમ અને હુકમનામુ? |

૪. ઉપરોકત મુદાઓનાં મારાં જવાબો નીચે મુજબ છે.

(૧) "હકારમાં,"

(૩) "અંશતઃ હકારમાં,"

(૪) "નકારમાં,"

(૫) "નકારમાં,"

(૬) "નકારમાં,"

(૭) "નકારમાં,"

(૮) "અંશતઃહકારમાં,"

(૯) "આખરી હુકમ મુજબ"

૫. આ કામે વાદીઓએ તેનાં દાવાના સમર્થનમાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

**<u>મૌખિક પુરાવો :–</u>**

આંક–૩૬ થી વાદી વીષ્ણુભાઈ ઈશ્વરભાઈ ગઢવીનુ સરતપાસનું સોગંદનામુ

**<u>દસ્તાવેજી પુરાવા :–</u>**

| અનુ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૩૭ | મુળજીભાઈ કેસરભાઈનુ મરણનુ પ્રમાણપત્ર |
| (૨) | ૩૮ | ગઢવી કેસરભાઈ અલુભાઈનુ પેઢીનામુ. |
| (૩) | ૩૯ | રામોદડી ગામની મીલકત નંબર ૫૩૧ ની આકારણી પત્રક |
| (૪) | ૪૦ | રામોદડી ગામની મીલકત નંબર ૫૭૮ ની આકારણી પત્રક |

| | | |
|---|---|---|
| (૫) | ૪૧ | રામોદડી ગામની મીલકત નંબર ૫૭૮ ની આકારણી પત્રક |
| (૬) | ૪૨ | રામોદડી ગામની મીલકત નંબર ૧૮૬ ની આકારણી પત્રક |
| (૭) | ૪૩ | રામોદડી ગામની મીલકત નંબર ૫૦૩ ની આકારણી પત્રક |
| (૮) | ૪૪ | રામોદડી ગામની મીલકત નંબર ૫૫૧ ની આકારણી પત્રક |
| (૯) | ૪૫ | રામોદડી ગામની મીલકત નંબર ૫૫૧ ની આકારણી પત્રક |
| (૧૦) | ૪૬ | રામોદડી ગામના સામાન્ય સભાના ઠરાવ નંબર ૬/૧ ની ઠરાવની નકલ. |
| (૧૧) | ૪૭ | પ્રવીણભાઈ કાનદાસ ગઢવીએ પ્રતિવાદી નંબર ૪ ને આપેલ નોટીસની નકલ. |

૬. ઉપરોકત મુજબનો પુરાવો પુરો થયા બાદ આંક—૫૧ વાદી તરફે કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ છે.

૭. **<u>વાદીનો પુરાવો</u>**

સદર કામે વાદી વીષ્ણુભાઈ ઈશ્વરભાઈ ગઢવી આંક—૩૬ થી પોતાનુ સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. જેમા મુખ્યત્વે દાવા અરજીમા જણાવ્યા મુજબની હકીકતો જણાવેલ છે અને વધુમાં જણાવે છે કે, પ્રથમદર્શનીય રીતે દાવો મંજુર થવા પાત્ર હોય તમામ દાદ વાદીને આપી સદર દાવો મંજુર કરવા વિનંતી કરેલ છે.

૮. **<u>પ્રતિવાદીની ઉલટ તપાસ સ્વરૂપે બચાવ</u>**

સદર કામે વાદીની પ્રતિવાદીના વી.વકીલશ્રી ઘ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં વાદીએ જણાવેલ છે કે દાવો કર્યો ત્યારે આમોદ ગામે રહેતો હતો અને હાલ ભાદરણ મુકામે રહુ છુ. હું આમોદ ગામે શીક્ષક તરીકે નોકરી કરુ છુ. હું મારી શીક્ષક તરીકેની નોકરીના કારણે મારી પત્ની અને બાળકો સાથે અલગ રહુ છુ. રામોદડી મુકામે મારા માતાશ્રી અને મારા મોટાભાઈ બંને રહે છે. અમારા કુટુંબના વડા તરીકે મોટાભાઈ સુરેશભાઈ છે. ગુજરનાર કેસરભાઈના વારસો વચ્ચે ગુજરનાર કેશવભાઈની મીલકતના વહેંચણી મૌખીક રીતે થયેલી. એ વાત ખરી છે કે ગુજરનાર કેશરભાઈની તમામ મીલકત ની હકીકત મે આ દાવાના કામે જણાવેલ નથી. મે આ દાવાના કામે ગુજરનાર કેશરભાઈની ખેતીની જમીન અંગેના ભાગ પડેલ કે કેમ તેની હકીકત જણાવેલ નથી. સાહેદ જણાવે છે કે તે ખેતરની જમીન અંગે અલગ કેસ ચાલે છે. એ વાત ખરી છે કે તે કેસમાં હું પક્ષકાર તરીકે નથી. ગુજરનાર કેશરભાઈની ખેતીની જમીનમાં જે કાંઈ ભાગ પડેલા તેમાં મારે વાંધો

છે. એ વાત ખરી છે કે મે આ ખેતીની જમીનના ભાગ અંગે મારો કોઈ વાંધો આજદીન સુધી રેવન્યુ પ્રોસીડીંગમા કે કોર્ટના પ્રોસીડીંગમા આજદીન સુધી નોંધાવેલ નથી. મારા ભાગે ખેતીની કેટલી જમીન આવેલી તેની કોઈ હકીકત આ દાવાના કામે જણાવેલ નથી. ગુજરનાર કેશરભાઈની ખેતીની જમીન સિવાય કુલ કેટલી મીલકત હતી તે આ દાવાના કામે કોઈ હકીકત જણાવેલ નથી. ગુજરનાર કેશરભાઈની ખેતી સિવાયની મીલકતોમાં પ્રભુદાસ ભાઈના ભાગે રામોદડી ગામમાં આવેલ મકાનની જગ્યા આવેલી અને તેમા તેમણે મકાન બનાવેલ તેના કોઈ નંબરની મને ખબર નથી. તે જ રીતે કહાનદાસ ભાઈના ભાગે રામોદડી મુકામે એક ખુલ્લી જમીન આવેલી તેમા તેમણે મકાન બનાવેલ મીલકત નંબર મને ખબર નથી. ઈશ્વરદાસના ભાગે રામોદડી મીલકત ખુલ્લી જમીન મીલકત જેના નંબર ૫૫૧, ૫૫૨ જે આવેલી જેમા ઈશ્વરભાઈએ મકાન બનાવેલુ. મુળુભાઈના ખાતે પાછળથી ૫૫૧ નંબરની ઓરડી તેમને રહેવા માટે આપેલી. એટલે કે તે ઓરડી તેઓના ભાગમાં આવેલી. તખતસિંહ કેશરભાઈ ૨૦, ૨૨ અપરણીત અવસ્થામાં મરણ પામેલા જેથી તેના ભાગે કાંઈ આવેલુ નહી. રતનસિંહના ભાગે રામોદડી મુકામે મુખ્ય મકાન જે સહીયારૂં રહેતા હતા તે આવેલુ તેમજ વહેંચણીમા ત્રણેય દીકરીઓ નામે અમુબેન, કુંવરબેન, જીબુબેન, ત્રણેયના કોઈ ભાગ પડેલ નથી. આ ત્રણેય બેનોએ પોતાનો હકક હીસ્સો જતો કરવા કોઈ લખાણ કરી આપેલ નથી. મીલકત રજીસ્ટર નંબર ૫૫૨ નંબરની મીલકતની લંબાઈ ૩૦ ફુટ અને પહોળાઈ ૧૦ ફુટની આવેલી છે. આ મીલકતમાં એક જ મકાન બનાવેલુ અને દાવામાં મારી માતાશ્રી રહે છે. મારા ભાઈ સુરેશભાઈએ વાડામાં જે માટીનુ મકાન બનાવી રહે છે તેના મીલકત નંબર યાદ નથી. આ વાડાની જગ્યા પ્રભુદાસ કેશરભાઈએ તખતસિંહ ધુળાભાઈ ગઢવી પાસેથી વેચાણ રાખેલી અને તે વાડાની જગ્યા પણ અમારા ભાગે આવેલી અને તે વાડાની જમીન પ્રભુદાસભાઈએ વેચાણ રાખેલી અને તે ત્રણ ભાઈઓએ પૈસા કાઢી વેચાણ રાખેલી. આ મીલકત વેચાણ આપ્યા અંગે કોઈ દસ્તાવેજ કરેલ નથી. આ વાડાની જગ્યા હાલ પંચાયતના રેકર્ડમાં મારા ભાઈ સુરેશભાઈના નામે આવેલ છે અને તેમા મારો પણ હીસ્સો સમાયેલો છે. તેમા મારો અડધો હીસ્સો સમાયેલો છે. મારા પિતા ઈશ્વરભાઈના અમારા બધા વારસો વચ્ચે તેઓની મીલકતમાંથી અડધી મીલકત ના વહેંચણી ૨૦, ૨૨ વર્ષ પહેલા થયેલ છે અને અડધી મીલકતની વહેંચણી કરવાની બાકી છે. જે મીલકતની વહેંચણી કરવાની બાકી છે તેમા રામોદડી મુકામે આવેલ મકાન, ગભાણ અને મારા મમ્મીના નામે આવેલ ખેતીની જમીન અંગે વહેંચણી થયેલ મીલકતની હકીકત જણાવું છું તેની મૌખીક વહેંચણી અમારા વચ્ચે થઈ ગયેલ છે તે અમોને કબુલ છે તેમાં કોઈ વાંધો નથી. એ વાત ખરી નથી કે ઈશ્વરભાઈના અવિભકત કટુંબની મીલકતના વહીવટ

કરતા તરીકે હું હોવાની હકીકત હકીકત મે દાવા અરજીમાં ખોટી જણાવેલ છે. એ વાત ખરી નથી કે મારા માતાશ્રી અને મારો ભાઈ હુ હાલનો દાવો જે સ્વરૂપે લાવ્યો છું તેમા ..... ન હોવાથી મે પક્ષકાર તરીકે જોડેલ નથી. એ વાત ખરી છે કે મારા માતાશ્રી તથા મોટાભાઈએ મુળુભાઈ કેશરભાઈની મીલકતમાંથી તેઓનો ભાગ માંગવા અંગેની કોઈ લેખીત નોટીસ આજદીન સુધી આપેલ નથી. મેં દાવામાં તથા સોગંદનામામાં જે નોટીસ આપેલાની હકીકત જણાવેલ છે તે આ કામે આંક–૪૭ થી રજુ કરેલ છે. આંક–૪૭ વાળી નોટીશ પ્રવીણભાઈ કહનદાસ ગઢવી એ આપેલી છે. મે દાવામાં તથા સોગંદનામામાં આંક–૪૭ વાળી નોટીશ મે આપેલાનુ જણાવેલ છે તે નોટીશ આપવા સારુહુ અને પ્રવીણભાઈ બંને વકીલ સાહેબ સાથે ગયેલા જેથી મે આપેલી છે. એ વાત ખરી નથી કે આંક–૪૭ વાળી નોટીશ આપવા ગયા ત્યારે મારે મીલકત નંબર ૫૫૧ માં ભાગ માંગવાનો ન હતો. પ્રવીણભાઈ કહાનદાસ ગઢવીનો સામાવેશ સંયુકત કુટુંબમાં થતો નથી. કેસરભાઈના પુત્ર તરીકે મુળુભાઈને જે મીલકતનો હીસ્સો મળેલો તે બરાબર હતો તેમા મારે કોઈ વાંધો નથી તેમજ અન્યને પણ વાંધો ન હતો. એ વાત ખરી નથી કે મુળુભાઈ આ મીલકતના તેમની હયાતી દરમીયાન તેમની ઈચ્છા મુજબ ઉપયોગ કરી શકે. આ મીલકત મુળુભાઈના ભાગમાં આવી ત્યારે આ મીલકતનો ઉપયોગ પોતાની મરજી ઈચ્છા મુજબ કરવો નહી તેવી કોઈ પાબંધી હતી નહી. જે રીતે મુળુભાઈના હીસ્સે અને મારા પિતાના હીસ્સે જે મીલકતો આવેલ તે મીલકતોના સ્વતંત્ર રીતે ઉપયોગ કરવા હકકદાર હતા. એ વાત ખરી નથી કે કેશરભાઈ ના વારસ રતનસિંહ અને મુળુભાઈને ખેતીની જમીનમાંથી વાડા આપવામાં આવેલ નહી તે બાબતનો કેસ ચાલેલો. એ વાત ખરી છે કે મામલતદારશ્રીએ કેસ નંબર ૩૨/૮૯ના કામે હુકમ કરીને મુળુભાઈ તથા રતનસિંહ ને વારસદાર ઠરાવી બેય ખેતરો તેમના ભાગે કરી આપવાનો હુકમ કરેલો. એ વાત ખરી નથી કે મામલતદાર કોર્ટના કેસ નંબર ૩૨/૯૯ ના કારણે રતનસિંહ અને મુળુભાઈ સાથે બીજા વારસોને મનદુઃખ અને વાંધો હતો. એ વાત ખરી નથી કે મુળુભાઈ અપરણીત હોવાથી તેમની હયાતીમાં તેમની સેવાચાકરી કીરીટકુમાર અને રતનસિંહ કરતા હતા અને મુળુભાઈ તેમની સાથે રહેતા હતા. એ વાત ખરી નથી કે આંક–૪૬ વાળા ઠરાવની જાહેરાત મુળુભાઈએ જાતે કરેલી. મારે તે સમયે રામોદડી ગામના સરપંચ કે તલાટી સાથે કોઈ અણબનાવ હતો નહી. આ ઠરાવની હકીકત ખોટી હોવા સબંધે મે તલાટી મંત્રી કે સરપંચને કોઈ જાણ કરેલી નહી. સાહેદ જણાવે છે કે સાચો કેસ જ કરેલો. મે આ ઠરાવમાં જણાવેલ તા. ૨૨/૩/૯૯ ની મુળુભાઈએ આપેલ અરજીની નકલ મેળવેલી. એ વાતની મને ખબર નથી કે આ અરજીની નકલ મને ઉપયોગી ન હોવાથી મેં આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે મુળુભાઈ

અંગુઠાનુ નીશાન કરતા હતા. સાહેદ જણાવે છે કે તેઓ સહી કરતા હતા. મુળુભાઈની સહી હું ઓળખુ છું. મેં ૨૨/૩/૯૯ ની અરજીની નકલ મેળવેલ તેમા મુળુભાઈની સહી હતી. એ વાત ખરી છે કે મને માર્ક ૧૫/૧ બતાવવામા આવે છે તેમા સહી બતાવવામાં આવે છે તે સહી મુળુભાઈ કેસરભાઈની સહી છે. જે સર્ટીફાઈડ કોપી રજુ કરુ છુ જે આ કામે ની. ૪૮/૧ થી રજુ છે જે આંક–૪૯ થી રજુ કરેલ છે. એ વાત ખરી છે કે આંક–૪૯ વાળો દસ્તાવેજ રદ કરવા માટે મે કોઈ નોટીસ આપેલ નથી કે કોઈ દાવો પણ કર્યો નથી. એ વાત ખરી નથી કે મુળુભાઈએ તેમની હયાતીમાં તેમના ભાગે આવેલ મીલકત દીલીપસીંગ રતનસીંગ ને રૂપીયા ૬૦,૦૦૦/– માં અઘાટ વેચાણ આપી દીધેલી. એ વાત ખરી છે કે મુળુભાઈએ આંક–૪૯ વાળા દસ્તાવેજથી તેમના ભાગે આવેલ મીલકત વેચાણ કરી નાંખ્યા બાદ તેમના ભાગે કોઈ મીલકત હતી નહી. એ વાત ખરી નથી કે ખોટી હકીકતો જણાવી હાલનો દાવો કર્યો છે. એ વાત ખરી નથી કે સરતપાસના સોગંદનામામા ખોટી હકીકત જણાવી છે.

૯. **<u>વાદીની દલીલ</u>**

વાદી તરફે આંક–૭૧ થી લેખીત દલીલો રજુ કરેલ છે અને જણાવેલ છે કે વાદગ્રસ્ત મીલકતો ખોટી રીતે વાદી મુળુભાઈ કેશરભાઈના આડી લીટીના વારસ હોવા છતા અને હીન્દુ કાયદાની કલમ ૮ મુજબ પુરુષોની બાબતમાં વારસા હકકના સામાન્ય નીયમોમાં મૃત્યુ પામેલ બીન વસીયતી હીન્દુ પુરુષની મીલ્કત અંગે આ પ્રકારની જોગવાઈઓ અનુસાર નીચેના ક્રમમાં થશે. (ક) પ્રથમ– અનુસુચિના વર્ગ–૧ નિર્દીષ્ટ કરેલુ સગપણ ધરાવતા વારસોને યાને તેમના સગા દીકરા, દીકરી અને પત્નીને મળે જો તે ન હોય તો વર્ગ–ર, બીજા ક્રમે– પહેલા વર્ગનો કોઈ પણ વારસ ન હોય તો અનુસુચિના બીજા વર્ગમાં નિર્દીષ્ટ કરેલા સગપણ ધરાવતા વારસોને પિતાને અને પતિને (ગ) ત્રીજા ક્રમે જો એ બેમાંથી કોઈ વર્ગનો વારસ નો હોય તો મર્હુમના ગોત્રજને યાને પિતાના વારસોને અને (ઘ) કોઈ પણ ગોત્રજ ન હોય તો મર્હુમના બંધુઓને. આ રીતે મુળુભાઈ કેસરભાઈ વારસો ન હોય તો આડી લીટીના વારસોમાં હીન્દુ કાયદાની કલમ ૮ મુજબ અમો તેઓના બીજા ક્રમમાં આવતો હોય સદર મીલકતમાં અમો વાદીનો પણ વણવહેંચાયેલો હીસ્સો આવેલ છે. તે રીતે અમો વાદીનો સરખો હીસ્સો આવે તેવુ જાણવા છતા ગેરકાયદેસર રીતે અને બીનઅધીકારે ખોટી રીતે નામે કરેલ છે. જે મીલકતમાં ગેંરકાયદેસર બીન અધિકારે દાખલ થયેલ નામ રદ કરવા ઠરાવવા માટે તથા અમો વાદીનો દાવાવાળી મીલકતમાં ૧/૭ હીસ્સો આવે છે. તે હીસ્સો દાવાવાળી મીલકતની અરસ નરસ

વહેંચણી કરી અમો વાદીને ૧/૭ હીસ્સો અમો વાદીને સોંપવા દાદ માંગેલ છે. વધુમાં દલીલ કરી જણાવેલ છે કે મુદા નંબર (૧) થી (૪) વાદીએ સાબીત કરેલ છે. જયારે પ્રતિવાદી મુદા નંબર (૫) થી (૭) સાબીત કરવામાં નીષ્ફળ રહેલ છે. જેથી માંગ્યા મુજબની દાદ મંજુર કરવા માંગણી કરેલ છે.

૧૦. **<u>પ્રતિવાદીનો પુરાવો</u>**

આ કામે પ્રતિવાદીએ તેનાં દાવાના સમર્થનમાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

**મૌખિક પુરાવો :–**

આંક– ૫૪થી પ્રતિવાદી દીલપભાઈ રતનસંગ ગઢવીનુ સરતપાસનું સોગંદનામુ.

આંક–૬૭ થી પ્રતિવાદી રતનસિંહ કેસરસિંહનુ સરતપાસનું સોગંદનામુ.

**દસ્તાવેજી પુરાવા :–**

| અનુ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૪૯ | તા. ૧૦/૧૨/૨૦૦૮ ની મીલકતનોજુનો રજી. નંબર ૨૨૭૯/૦૮ કે જેનો નવો નંબર ૧૬/૦૯ છે તે દસ્તાવેજની સબ રજીસ્ટ્રાર ની કચેરીમાંથી મેળવેલ તેની નકલ.. |
| (૨) | ૪૫ | બ્લોક સર્વે નંબર ૮૯૮ વાળી જમીનના ૮–અ ના ઉતારાની નકલ. |
| (૩) | ૫૯ | મોજે રામોદડી તા. પેટલાદનો સને ૨૦૧૧–૧૨ ના કરને પાત્ર મકાનો જમીનના પ્રતિવાદી નંબર ૧ નો આકારણી દાખલો. |
| (૪) | ૬૦ | મોજે રામોદડી તા. પેટલાદનો સને ૨૦૧૧–૧૨ ના કરને પાત્ર મકાનો જમીનના પ્રતિવાદી નંબર ૫ નો આકારણી દાખલો. |
| (૫) | ૬૧ | મોજે રામોદડી તા. પેટલાદનો સને ૨૦૧૧–૧૨ ના કરને પાત્ર મકાનો જમીનના પ્રતિવાદી નંબર ૨ નો આકારણી દાખલો. |

૧૧. ઉપરોકત પુરાવાના અંતે પ્રતિવાદી તરફે આંક–૬૮ થી કલોઝીંગ પુરસીસ રજુ કરતા વધુ કોઈ સાહેદ તપાસવામાં આવેલ નથી.

૧૨. **<u>પ્રતિવાદીનો પુરાવો</u>**

સદર કામે પ્રતિવાદી દીલીપભાઈ રતનસંગ ગઢવી આંક–૫૪ થી પોતાનુ સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. જેમા મુખ્યત્વે દાવા જવાબમાં જણાવ્યા મુજબની હકીકતો જણાવી વાદીનો અમારા વિરૂધ્ધનો દાવો કાયદેસર ચાલી શકે તેમ નહી હોવાથી દાવો રદ કરવા માંગણી કરેલ છે.

૧૩. **<u>વાદી તરફે ઉલટ તપાસ</u>**

સદર કામે પ્રતિવાદીની વાદીના વી.વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે હાલના કામના વાદી મારા મૈયત કાકાના વારસદાર છે. એ વાત ખરી છે કે ઈશ્વરભાઈ કેસરભાઈ મારા સગા કાકા થાય છે અને વીષ્ણુભાઈ તેમના દીકરા છે. એ વાત ખરી છે કે પ્રતિવાદી નંબર (૨) મારા સગા ભાભી થાય છે. એ વાત ખરી છે કે કેસરભાઈ અલુભાઈને છ દીકરા અને ત્રણ દીકરીઓ હતી. એ વાત ખરી છે કે અમો બધા હીન્દુ ધર્મ પાળીએ છીએ. એ વાત ખરી છે કે કેસરભાઈ આશરે પચાસેક વર્ષ અગાઉ ગુજરી ગયેલ છે. એ વાત ખરી છે કે કેસરભાઈના પત્ની મુળુબાઈ પણ આશરે ૫૦–૫૫ વર્ષ અગાઉ ગુજરી ગયેલ છે. એ વાત ખરી છે કે પ્રતિવાદી નંબર (૩) પ્રભુદાસ કેસરભાઈ પચ્ચીસ વર્ષ પહેલા અને તેમના પત્ની જલુબેન આશરે સત્તર વર્ષ અગાઉ ગુજરી ગયેલ છે. એ વાત ખરી છે કે પ્રતિવાદી નંબર ૩(૧), ૩(૨) તેઓના દીકરા અને દીકરી છે. એ વાત ખરી છે કે કેસરભાઈને બીજા સંતાનમાં મુળજીભાઈ કેસરભાઈ હતા અને તેઓ દસેક વર્ષ અગાઉ નિર્વંશ ગુજરી ગયેલ છે. એ વાત ખરી છે કે તખતસિંહ કેસરભાઈ પણ કેસરભાઈના વારસ હતાં અને તેઓ ચાલીસેક વર્ષ અગાઉ નિર્વંશ ગુજરી ગયેલ છે. એ વાત ખરી છે કે પ્રતિવાદી નંબર (૫) મારા પિતા છે. એ વાત ખરી છે કે રતનસીંગએ કુંદનબેનના સસરા થાય છે. એ વાત ખરી છે કે દાવાવાળુ ગભાણ રામોદડી મુકામે આવેલ છે અને તનો અનુક્રમ નંબર ૫૩૧ અને મીલકત નંબર ૫૭૮ છે. એ વાત ખરી છે કે ગભાણ હાલમાં મારા ભાભી કુંદનબેનના નામે ચાલે છે. એ વાત ખરી છે કે તે અગાઉ આ ગભાણ મુળુભાઈ કેસરભાઈના નામે ચાલતુ હતુ. હવે કહુ છુ કે કુંદનબેનની બાજુ વાળુ ગભાણ મુળુભાઈના નામે આવેલ હતુ અને તે તેઓએ મને વેચાણ આપેલ હતુ. એ વાત ખરી નથી કે મીલકત નંબર ૫૭૮ ઠરાવના આધારે કુંદનબેનના નામે થયેલ છે. મુળુભાઈએ કોઈ દસ્તાવેજ કરી આપેલ નથી. મુળુભાઈએ કોઈ દસ્તાવેજ ૫૭૮ અંગે કરી આપેલ હોય તેવો કોઈ દસ્તોજ હું હાલના કામે રજુ કરવા ખુશી નથી. મુળુભાઈની બીજી મીલકતમાં ઘર નંબર ૫૫૧ જેનો મુળ નંબર ૧૮૬ હતો. એ વાત ખરી નથી કે આ મીલકત મુળુભાઈ પાસેથી કોઈ પણ જાતના દસ્તાવેજ વગર અમારા નામે કરાવી લીધેલ છે. એ વાત ખરી છે કે હાલના કામના વાદી

મુળુભાઈના આડી લીટીના વારસમાં આવે છે. સાહેદ જણાવે છે કે તેઓને તેમનો હીસ્સો મળી ગયેલ છે. એ વાત ખરી નથી કે તકરારી મીલકતમાં વાદીનો કાયદેસર ૧/૭ હીસ્સો આવેલ છે. એ વાત ખરી છે કે પ્રતિવાદી નંબર ૪(૩) પ્રવીણભાઈ કહાનદાસે મને તા. ૧૪/૧૨/૧૧ ના રોજ મીલકતમાં હીસ્સો આપવા માટે નોટીસ આપેલ હતી. એ વાત ખરી છે કે નોટીસ મુજબ અમોએ કોઈ ભાગ આપેલ નથી. સાહેદ જણાવે છે કે નોટીસનો જવાબ આપેલ છે. એ વાત ખરી છે કે પ્રવીણભાઈએ ખેતીની જમીનોમાંથી ભાગ લેવા માટે કો.મુ.નંબર ૩૨/૧૧ મારા વિરૂઘ્ધ કરેલ છે જે હાલમાં પેન્ડીગ છે. એ વાત ખરી છે કે બંને વાદગ્રસ્ત મીલકતો વડીલોપાર્જીત છે. સાહેદ જણાવે છે કે પચ્ચીસ વર્ષ અગાઉ ઘરમેળે વહેંચણી થયેલ છે. એ વાત ખરી નથી કે વાદગ્રસ્ત મીલકતોમાં જેટલો મારો હીસ્સો છે તેટલો જ વાદીઓનો પણ હીસ્સો છે. એ વાત ખરી નથી કે મારા લાભમાં થયેલ દસ્તાવેજ નંબર ૨૨૭૯ ખોટો કાયદા વિરૂઘ્ધનો અને બીજા વારસદારોને હકક ન આપવો પડે તે માટે ઉપજાવી કાઢેલ છે. એ વાત ખરી નથી કે વાદીને ભાગ આપવો ન પડે તે સારુ ખોટી જુબાની આપેલ છે.

*૧૪.* વધુમાં સદર કામે પ્રતિવાદી રતનસિંહ કેસરીસિંહ ગઢવી આંક–૬૭ થી પોતાનુ સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. જેમા મુખ્યત્વે દાવા જવાબમાં જણાવ્યા મુજબની હકીકતો જણાવી વાદીનો અમારા વિરૂઘ્ધનો દાવો કાયદેસર ચાલી શકે તેમ નહી હોવાથી દાવો રદ કરવા માંગણી કરેલ છે.

*૧૫.* સદર સાહેદ વાદીના વી.વકીલશ્રી ઘ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે વાદી વીષ્ણુભાઈ મારા સગાભાઈના દીકરા છે. એ વાત ખરી છે કે પિતાનું નામ કેસરભાઈ અલુભાઈ છે. એ વાત ખરી નથી કે કેસરભાઈ અલુભાઈને છ દીકરા અને ત્રણ દીકરીઓ હતી. સાહેદ જણાવે છે કે છ દીકરા હતા તેટલુ ખબર છે. એ વાત ખરી છે કે ઈશ્વરભાઈ કેસરભાઈ મારા મોટાભાઈ અને વાદીના પિતા થાય છે. એ વાત ખરી છે કે મુળુભાઈ કેસરભાઈ પણ મારા ભાઈ હતા. એ વાત ખરી છે કે મુળુભાઈ નિર્વંશ ગુજરી ગયેલ છે. એ વાતની મને ખબર નથી કે વાદગ્રસ્ત મીલકત નંબર ૧૮૬ નવો નંબર ૫૦૩ અમારી વડીલોપાર્જીત મીલકતો છે. એ વાત મને હાલમાં યાદ નથી કે વાદગ્રસ્ત ગભાણ પણ વડીલોપાર્જીત છે. મે આ કામે રજુ કરેલ સોગંદનામુ વાંચેલ છે અને તેમાં શું લખેલ છે તે મને ખબર છે. સરતપાસમાં જણાવે છે કે કેસરભાઈની મીલકતની છ ભાઈઓ વચ્ચે વહેંચણી થઈ ગયેલ છે તે અંગે મારી પાસે કોઈ આધાર નથી. એ વાત ખરી નથી કે ૨૫ વર્ષ પહેલા વહેંચણી થયેલ હોવાની જે હકીકત જણાવેલ છે તે ખોટી જણાવેલ છે. એ વાત ખરી છે કે પ્રતિવાદી નંબર (૨) કુંદનબેન મારા દીકરા ભરતના પત્ની છે. એ વાત ખરી નથી કે ૫૭૮ વાળુ

ગભાણ મુળુભાઈ કેસરભાઈની મીલકત છે. એ વાત ખરી છે કે ૫૬૮ વાળી મીલકત હાલમાં કુંદનબેનના નામે ચાલે છે. મુળુભાઈ કેસરભાઈએ કુંદનબેનને સદર મીલકત સંબંધી દસ્તાવેજ કરી આપેલ હોય તેવુ મારી જાણમાં નથી. એ વાત ખરી નથી કે સદર મીલકત અમોએ તલાટી સાથે ભળી જઈ કઈ પણ જાતના આધાર વગર કુંદનબેનના નામે કરાવી લીધેલ છે. એ વાત ખરી નથી કે મુળુભાઈ કેસરભાઈએ કોઈ વેચાણ દસ્તાવેજ કુંદનબેનને કરી આપેલ નથી. એ વાત મને હાલમાં યાદ નથી કે સદર મીલકત સને ૨૦૦૦ ની સાલમાં કુંદનબેનના નામે દાખલ થયેલ છે. મુળુભાઈએ કુંદનબેનને કરી આપેલ દસ્તાવેજ રજુ કરવા ખુશી છુ. એ વાત ખરી છે કે મુળુભાઈની બીજી મીલકતમાં ૫૫૧ વાળુ ઘર હતુ. એ વાત ખરી નથી કે સદર મીલકત અમોએ ખોટી રીતે મારા દીકરાના નામે કરાવી લીધેલ છે. એ વાત ખરી નથી કે ઈશ્વરભાઈ કેસરભાઈ અને મારા સિવાયના પ્રતિવાદીઓ મુળુભાઈ કેસરભાઈની આડી લીટીના વારસમાં આવે છે. એ વાત ખરી નથી કે સદર મીલકતમાં જેટલો હીસ્સો આવેલ છે તેટલો જ હીસ્સો વાદી તથા અન્ય પ્રતિવાદીઓનો આવેલ છે. એ વાત ખરી નથી કે અનુક્રમ નંબર ૨૨૭૯ વાળો દસ્તાવેજ કોઈ પણ જાતના અવેજ વગર મુળુભાઈ પાસેથી કરાવી લીધેલ છે. એ વાત ખરી નથી કે વાદગ્રસ્ત મીલકતો સંયુકત માલીકીની મીલકતો છે અને તેમા વાદીઓનો ૧/૭ હીસ્સો આવેલ છે. એ વાત ખરી નથી કે ખોટી જુબાની આપેલ છે.

૧૬. **<u>પ્રતિવાદીની દલીલ</u>**

પ્રતિવાદી આંક–૭૪ થી લેખીત દલીલો રજુ કરેલ છે અને જણાવેલ છે કે વાદીએ દાવા અરજીમાં કરેલ પ્લીડીગ અને રજુ કરેલ દસ્તાવેજો વિરોધાભાષી છે.વાદીએ આંક–૩૬ ના સોગંદનામાના પેરા–૫ માં જણાવેલ છે તે ઘ્યાને લેવામા આવેતો પંચાયતમાં ગભાણ અંગે ૫૩૧ થી નોંધાયેલ તે હાલમાં નંબર ૫૭૮ છે. આ સંદર્ભમાં આંક–૩૯ જોવામાં આવેતો સદરહુ નંબર ૫૩૧ મુળજીભાઈ અને રતનસંગના નામે પંચયાતના રેકર્ડમાં હોવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે અને આંક–૩૯ નો દસ્તાવેજ વાદીએ રજુ કરેલ છે. જયારે આંક–૬૧ નો દસ્તાવેજ જોવામા આવેતો સદરહુ મીલકત નંબર ૫૭૮ ઈન્દીરા આવાસ તેમ મીલકતના વર્ણનમાં જણાવેલ છે. વાદીએ રજુ કરેલ આંક–૪૦,૪૧ના તેજ વર્ણન છે. જયારે સદરહુ મીલકત કોઈ પણ સમયે ગુજરનાર મુળજીભાઈના નામે હતી તે દર્શાવવા વાદીએ કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી. તેમજ પંચાયતમાં ગભાણ અનુક્રમે ૫૩૧ થી નોંધાયેલ તે હાલમાં નંબર ૫૭૮ છે તે દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે રામોદડી ગામે તલાટી સાહેદ તરીકે તપાસી સ્પષ્ટ પુરાવો આપેલ નથી. વાદીએ જાણી જોઈને

મટીરીયલ ફેકટનુ સપ્રેશન કરેલ છે અને નામદાર કોર્ટ સમક્ષ ચોખા હાથે આવેલ નથી. વાદીને વાદગ્રસ્ત મીલકતના દસ્તાવેજ અંગે ને પંચાયતના રેકર્ડ તથા ભાઈઓ ભાગે થયેલ વેચાણ અંગે સંપુર્ણ જાણકારી હોવા છતાં ઉપરોકત બાબતની દાવા અરજીમાં છુપાવી હાલનો દાવો કરેલ છે. જેથી વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. અમો પ્રતિવાદી નંબર (૧) નાએ મુળુભાઈ કેસરભાઈ પાસેથી અઘાટ વેચાણ રાખેલ સદરહુ ઘર નંબર ૫૦૩ જે કુલ માપમાં ચોરસ મીટર ૨૨.૩૦.૪૮ છે તે ઓરડી તથા ગભાણની જમીન જે કુલ માપમાં ચોરસ મીટર ૭૯ છે તે બંનને મીલકત મુળુભાઈ કેસશભાઈ ગઢવીએ અમો પ્રતિવાદી નંબર ૧ ને રૂપીયા ૬૦,૦૦૦/–માં તા.૧૦/૧૨/૨૦૦૮ ના રોજ રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર ૨૨૭૯ (નવો નંબર ૧૬/૨૦૦૯) થી વેચાણ આપેલ હોય સદર મીલકત અમો પ્રતિવાદી નંબર ૧ ની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની છે. જેથી વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થતા ન હોય દાવો રદ કરવા રજુઆત કરેલછે.

## *–:: કા ર ણો ::–*

**મુદ્દા નંબર ૧ થી ૯**

તમામ મુદાઓ એક બીજા સાથે સંકળાયેલ હોય પુરાવાનુ પુનરાવર્તન ટાળવાના આશયથી તમામ મુદાઓની ચર્ચા એક સાથે કરેલ છે.

*૧૭.* વાદી ધ્વારા હાલનો દાવો મોજે રામોદડી, તા. પેટલાદના ગ્રામ પંચાયત અન્નુક્રમ નંબર ૫૩૧ જેનો નવો નંબર ૫૭૮ છે. તે ગભાણ તથા મોજે રામોદડી તા. પેટલાદ માં આવેલ ઘર જેનો ગ્રામ પંચાયત આકારણી પત્રક નંબર ૫૦૩ પડેલ છે તે મીલકત મુળજીભાઈ કેસરભાઈ ગઢવીની માલીકીની આવેલ હતી અને સદરહુ મુળજીભાઈ કેસરભાઈ ગઢવી તા. ૨૩/૦૪/૨૦૦૯ ના રોજ મરણ ગયેલ હોય સદરહુ મુળજીભાઈ કેસરભાઈ ગઢવીની મીલકતમાં આડી લીટીના વારસ તરીકે વાદીઓનો સમાવેશ થતો હોય સદરહુ મીલકતમાં વાદીનો ૧/૭ હીસ્સો આવેલ હોય તે હીસ્સો જુદો પાડી આપવા માંગણી કરેલ છે. વધુમાં વાદીની દાવા અરજી મુંજબ વાદી તથા પ્રતિવાદીઓ મૈયત કેસરભાઈ અલુભાઈ ગઢવીના વારસદારો છે અને સદરહુ વારસદારો વચ્ચે મીલકતની વહેંચણી થયેલ અને તે મુજબ મોજે ગામ રામોદડી ખાતે આવેલ ગભાણ જેનો અનુક્રમ નંબર ૫૩૧ છે અને તે હાલ નંબર ૫૭૮ ચાલતો આવેલ છે તેમા પ્રતિવાદી નંબર (૨) ના પતિ ભરતભાઈએ તલાટી સાથે ભળી જઈ ખોટી રીતે ભરતભાઈના પત્નીનુ નામ દાખલ કરાવેલ હોય તેમજ ઘર નંબર ૫૦૩ જે હાલ

આકારણી પત્રકે ઘર નંબર ૫૫૧ થી ચાલે છે તે મીલકત પ્રતિવાદી નંબર (૧) ના નામે ખોટી રીતે કરાવી લીધેલ હોય વાદી ધ્વારા હાલનો દાવો વહેંચણીનુ હુકમનામુ મેળવવા દાખલ કરેલ છે.

૧૮. હાલના કામે પ્રતિવાદીઓને દાવા સમન્સની ધોરણસર બજવણી થયેલ હોવા છતાં માત્ર પ્રતિવાદી નંબર (૧) તથા (૫) વકીલશ્રી મારફતે હાજર થઈ આંક–૧૩ થી દાવા જવાબ રજુ કરી દાવા અરજીની તમામ હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે દાવા વાળી મીલકત અંગે ગુજરનાર ગઢવી કેસરભાઈના છ પુત્ર વચ્ચે ઘણા વર્ષો પહેલા ઘર મેળે વહેંચણ થઈ ગયેલ છે. તે વહેંચણ મુજબ ઈશ્વરદાન કેસરભાઈના ભાગમાં વારસદાર દરજજે મકાન–વાડો આવેલો તે ગઢવી વાસમાં આવેલ જુનુ મકાન જેમા વાદીના માતૃશ્રી હાલમા રહે છે અને વાડાની જમીન જે ભાગમાં આવેલ તે જમીન ઉપર આવેલ મકાનમા વાદીના મોટા ભાઈ સુરેશભાઈ હાલમા રહે છે. આમ વારસદાર દરજજે ભાગ બરાબર મળી ગયેલ હોય વાદીના મોટાભાઈ અને માતૃશ્રીએ કોઈ હીસ્સો મેળવવા દાવો કરેલ નથી કે સદરહુ દાવામાં પક્ષકાર તરીકે રહેલ છે. વધુમાં જણાવેલ છે કે પંચાયતના આકારણી નંબર ૫૦૩ વાળી ઓરડી કૌટુંબીક વહેંચણીમાં ગઢવી મુળુભાઈ કેસરભાઈના હીસ્સામાં આવેલ મીલકતનો અઘાટ વેચાણ દસ્તાવેજ ગઢવી મુળુભાઈ કેસરભાઈએ તા. ૧૦/૧૨/૨૦૦૮ ના રોજ રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર ૨૨૭૯ (નવો નંબર ૧૬/૦૯) થી પ્રતિવાદી નંબર (૧) દીલીપકુમાર રતનસંગના નામનો કરી આપેલ છે. જયારે રામોદડી ગામે અનુક્રમ નંબર ૫૭૮ વાળી મીલકત જે ગઢવી ફળીયુ તરીકે ઓળખાય છે તે મીલકત ગઢવી કુંદનબેન ભરતકુમાર રતનસંગના નામે માલીક તરીકે ચાલે છે. આમ, મીલકત નંબર ૫૦૩ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી પ્રતિવાદી નંબર (૧) ને વેચાણ આપેલ હોય અને મીલકત નંબર ૫૭૮ કુંદનબેન ભરતકુમાર ના નામે આવેલ હોય વાદીનો સદર મીલકતમાં કોઈ હકક હીસ્સો રહેલ નથી તેમ જણાવી વાદીનો દાવો નામંજુર કરવા દાદ માંગેલ છે.

૧૯. આમ, વાદીની દાવા અરજી ની હકીકત મુજબ મરણ જનાર મુળુભાઈ કેસરભાઈ ગઢવીના ભાગે ગભાણ જે રામોદડી ગામે અનુક્રમ નંબર ૫૩૧ હાલ નંબર ૫૭૮ થી નોંધાયેલ છે તે તથા રામોદડી ગામે આવેલ ઘર જેનુ ગ્રામ પંચાયત આકારણી પત્રક નંબર ૫૦૩ પડેલ છે તે મીલકતમા વાદીનો ૧/૭ હીસ્સો આવેલ હોય તે હીસ્સો મેળવવા દાદ માંગેલ છે. જયારે પ્રતિવાદી તરફે સદરહુ મીલકત પૈકી અનુક્રમ નંબર ૫૭૮ કુંદનબેન ભરતભાઈના નામે ચાલતી હોય અને તેના વેરા વીગેરે તેઓ ભરતા હોય તથા આકારણી પત્રકે નોંધાયેલ ઘર નંબર ૫૦૩ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી મુળુભાઈ ધ્વારા પ્રતિવાદી નંબર (૧) ને વેચાણ આપેલ હોય વાદીનો વાદગ્રસ્ત મીલકતમાં કોઈ હકક હીસ્સો

રહેતો નથી તેવી રજુઆત કરેલ છે. આમ પક્ષકારો વચ્ચેની મુખ્ય તકરારો ઘ્યાને લેતા વાદી તથા પ્રતિવાદીએ મૈયત કેશરભાઈ અલુભાઈ ગઢવીના વારસદારો છે અને તેઓ વચ્ચે મીલકતની વહેંચણી થયેલ અને સદરહુ મુળજીભાઈ ઉર્ફે મુળુભાઈ કેસરભાઈ ગઢવી નાઓ નિર્વંશ અને અપરણીત મૈયત થયેલ હોય તેઓની મીલકતમાં વાદીઓનો આડી લીટીના વારસ તરીકે ૧/૭ હીસ્સો આવેલ છે તે મુજબની રજુઆત કરવામાં આવેલ છે.

૨૦. હાલના કામે વાદી તથા પ્રતિવાદીઓ મૈયત કેસરભાઈ અલુભાઈ ગઢવીના વારસદારો હોવા અંગે પ્રતિવાદી નંબર (૧) તથા (૫) ઘ્વારા કોઈ તકરાર લેવામા આવેલ નથી તેમજ વાદી ઘ્વારા આંક–૩૮ થી રજુ કરવામાં આવેલ પેઢીનામુ વંચાણે લેતા હાલના કામના વાદી તથા પ્રતિવાદીઓ મૈયત કેસરભાઈ અલુભાઈ ગઢવીના કાયદેસરના વારસો હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ હોય **મુદા નંબર (૧)** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

૨૧. હાલના કામે આંક–૨૪ થી કાઢવામા આવેલ મુદાઓ પૈકી મુદા નંબર (૨) સબંધી મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ઘ્વારા આંક–૨૬ લગત હુકમ કરી સદરહુ મુદા નંબર (૨) ડીલીટ કરવા હુકમ કરેલ હોય અને તે મુજબ મુદા નંબર (૨) ડીલીટ કરવામાં આવેલ હોય સદર મુદા લગત કોઇ ચર્ચા કરેલ નથી.

૨૨. હાલના કામે વાદગ્રસ્ત મીલકત પૈકી રામોદડી ગામે આવેલ ગભાણ જેનો ગ્રામ પંચાયત નંબર ૫૩૧ હાલ નંબર ૫૭૮ પડેલ છે તે સબંધી વાદી ઘ્વારા આંક–૩૯ થી સને ૧૯૯૪–૯૫ ના મોજે રામોદડી તા. પેટલાદના આકારણીની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતા અનુક્રમ નંબર ૫૩૧ થી મીલકતના વર્ણનમાં ગભાણ/કાચુ મકાન જણાવેલ છે અને માલીક અને ભોગવટો કરનારનુ નામ ગઢવી મુળજીભાઈ તથ રતનસંગ કેસરભાઈ જણાવવામાં આવેલ છે. આમ, રજુ કરવામાં આવેલ આંક–૩૯ ના આકારણી ની નકલ વંચાણે લેતા મીલકત નંબર ૫૩૧ સને ૧૯૯૪–૯૫ ના રેકર્ડ મુજબ મુળજીભાઈ અને રતનસંગના સંયુકત નામે ચાલતી આવેલ છે. જયારે આંક–૪૦ તથા ૪૧ થી રજુ કરવામાં આવેલ અનુક્રમે સને ૨૦૧૦–૧૧ તથા ૨૦૧૧–૧૨ની આકારણીના દાખલાની નકલ ઘ્યાને લેતા મીલકત નંબર ૫૭૮ જણાવી મીલકતના વર્ણનમાં ઈન્દીરા આવાસ જણાવવામાં આવેલ છે. જયારે માલીક અને ભોગવટો કરનારનુ નામ ગઢવી કુંદનબેન ભરતકુમાર રતનસીંગ જણાવવામાં આવેલ છે. વાદી ઘ્વારા આંક–૪૨ થી મીલકત નંબર ૧૮૬ ની સને ૧૯૬૮–૬૯ ના વર્ષની

આકારણીના દાખલાની નકલ રજુ કરેલ છે જેના મીલકતના વર્ણનમાં ઘર તથા માલીકના નામમાં ગઢવી મુળુભાઈ કેસરભાઈ જણાવવામાં આવેલ છે. વાદીની દાવા અરજીની હકીકત મુજબ મુળુભાઈ કેસરભાઈ ના ઘર નંબર ૧૮૬ ને ૧૯૯૪–૯૫ માં ઘર નંબર ૫૦૩ આપવામાં આવેલ અને હાલમાં આકારણી પત્રકે ઘર નંબર ૫૫૧ છે. સદર હકીકતે આંક–૪૩ થી સને ૧૯૯૪–૯૫ ના વર્ષની આકારણીની નકલ ધ્યાને લેતા મીલકત નંબર ૫૦૩ માં ગઢવી મુળજીભાઈ કેસરભાઈનુ નામ કમી કરી દીલીપકુમાર રતનસીંગ ગઢવીનુ નામ દાખલ કરવામાં આવેલ છે અને રીમાર્કસના કોલમમાં ઠરાવ નંબર ૬/૧૧ તા. ૧૭/૪/૯૯ થી મંજુર કરવામાં આવેલ છે તેમ જણાવેલ છે.વાદી ધ્વારા આંક–૪૬ થી ઠરાવ નંબર ૬/૧ રજુ કરવામાં આવેલ છે જેમા જણાવેલ છે કે શ્રી મુળુભાઈ કેસરભાઈ ગઢવીની તા. ૨૨/૩/૧૯૯૯ ના રોજની આવેલ અરજી સભામાં વંચાણે લેતાં તેમના ઘર નંબર ૫૦૩ માં હાલમાં મુળજીભાઈ કેસરભાઈ ગઢવીનુ નામ ચાલે છે પરંતુ તેઓ અપરણીત હોય તથા ઉંમર લાયક હોય તેમની સેવા ચાકરી તથા ધ્યાન શ્રી દીલીપકુમાર રતનસીંગ બીન કેસરભાઈ કરતા હોવાથી સદર મીલકતમાં તેમનુ નામ દાખલ કરવા અને કબજેદાર તરીકેનુ ચાલતુ નામ કમી કરવા આજની સભામાં સર્વાનુમતે ઠરાવવામા આવે છે. આમ, સને ૧૯૯૯માં ગ્રામ પંચાયત રામોદડીની સામાન્ય સભાના ઠરાવ નંબર ૬/૧ થી મરણ જનાર મુળુભાઈ કેસરભાઈ ગઢવી ધ્વારા તેઓની હયાતી દરમીયાન દીલીપકુમાર રતનસીંગ ગઢવીનુ નામ સદરહુ મીલકત નંબર ૫૦૩માં દાખલ કરવા અરજી આપેલ અને તે આધારે તેઓનુ નામ સદરહુ મીલકતમાં માલીક તરીકે દાખલ થયેલ છે અને ત્યારબાદ આંક–૪૪ થી આંક–૪૫ થી રજુ આકારણી પત્રકની નકલ ધ્યાને લેતા મીલકત નંબર ૫૫૧માં માલીક તરીકે ગઢવી દીલીપભાઈ રતનસીંગનુ નામ દાખલ થયેલ છે.

૨૩. હાલના કામે વાદી ધ્વારા મરણ જનાર મુળુભાઈ કેસરભાઈ ની મીલકતમા આડી લીટીના વારસ તરીકે ૧/૭ હીસ્સો હોવાની માંગણી કરેલ છે. હાલના કામેના પક્ષકારો હીન્દુ ધર્મ પાળતા હોય હીન્દુ કાયદા મુજબ વારસાગત મીલકત અંગે હીન્દુ વારસા ધારો લાગુ પડે છે. સદરહુ હીન્દુ વારસા ધારાની હાલના કામે લાગુ પડતી જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો,

**<u>કલમ–૮: પુરુષોની બાબતમાં વારસા હકકના સામાન્ય નિયમો</u>**

મૃત્યુ પામેલા બીનવસીયતી હીન્દુ પુરુષની મીલકત, આ પ્રકારની જોગવાઈઓ અનુસાર નીચેના ક્રમમાં પ્રાપ્ત થશે

(ક) પ્રથમ– અનુસુચિના વર્ગ–૧ નિર્દીષ્ઠ કરેલુ સગપણ ધરાવતા વારસોને

(ખ) બીજા ક્રમે– પહેલા વર્ગનો કોઈ પણ વારસ ન હોય તો અનુસુચિના બીજા વર્ગમાં નિર્દીષ્ઠ કરેલુ સગપણ ધરાવતા વારસોને

(ગ) ત્રીજા ક્રમે– જો એ બેમાંથી કોઈ પણ વર્ગનો વારસ ન હોય તો મર્હુમના ગોત્રજને

(ઘ) અંતમાં– જો કોઈ પણ ગોત્રજ ન હોય તો મહૃમના બંધુને

વિવરણ– આ કલમ હીન્દુ પુરુષ બીનવસીયત મૃત્યુ પામે ત્યારે લાગે પડે છે.

સદરહુ કલમ ૮ ની જોગવાઈને ઘ્યાને રાખી હીન્દુ વારસા હકક અધિનીયમ ૧૯૫૬ ની અનુસુચિ વંચાણે લેવામા આવેતો તેમા વર્ગ–૧ અને વર્ગ–૨ ના વારસો નીચે મુજબ જણાવામાં આવેલ છે.

**વર્ગ–૧** – પુત્ર, પુત્રી, વિધવા, માતા, અગાઉ મૃત્યુ પામેલ પુત્રનો પુત્ર, અગાઉ મૃત્યુ પામેલ પુત્રની પુત્રી, અગાઉ મૃત્યુ પામેલી પુત્રીનો પુત્ર, અગાઉ મૃત્યુ પામેલી પુત્રીની પુત્રી, અગાઉ મૃત્યુ પામેલા પુત્રની વિધવા,અગાઉ મૃત્યુ પામેલા પુત્રની અગાઉ મૃત્યુ પામેલા તેના પુત્ર નો પુત્ર, અગાઉ મૃત્યુ પામેલા તેના પુત્રીની પુત્રી, અગાઉ મૃત્યુ પામેલા તેના પુત્રની વિધવા.

**વર્ગ–૨**

(૧) પિતા

(૨)(૧) પુત્રની પુત્રીનો પુત્ર

(૨) પુત્રની પુત્રીની પુત્રી

(૩) ભાઈ

(૪) બહેન

(૩) ×××××××

(૪) ×××××××

**કલમ: ૯ અનુસુચિમાના વારસોમાં વારસા હકકનો ક્રમ**

અનુસુચિમાં નિર્દીષ્ઠ કરેલા વારસોમાં વર્ગ–૧માના વારસો બીજા તમામ વારસોને બાકાત રાખીને એક સાથે મીલકત પ્રાપ્ત કરશે અને વર્ગ–૨ પહેલી નોંધમા જણાવેલ વારસોને બીજી નોંધમાં જણાવેલા વારસો ઉપર પસંદગી આપવામાં આવશે અને બીજી નોંધમાં જણાવેલ વારસોને ત્રીજી નોંધમાં જણાવેલ વારસો ઉપર પસંદગી આપવામા આવશે અને તે પ્રમાણે ઉત્તરોત્તર પસંદગી અપાશે.

૨૪. હાલના કામે મરણજનાર મુળુભાઈ કેસરભાઈ ગઢવી અપરણીત અને નિર્વંશ મૈયત થયેલ હોય કલમ ૮ ની અનુસુચિમાં જણાવ્યા મુજબ વર્ગ–૧ ના વારસો હાલના કીસ્સામાં લાગુ પડે તેમ નથી. જેથી વર્ગ–૨ ના વારસો લાગુ પડે છે. સદર હકીકતે હીન્દુ વારસા હકક અધિનીયમ ની **કલમ ૧૧** ધ્યાને લેવામા આવેતો અનુસુચિના બીજા વર્ગની કોઈ પણ એક નોંધમાં નિર્દીષ્ટ કરેલા વારસો વચ્ચે તેઓ સરખા ભાગે મળે એ રીતે બીનવસીયતી મીલકતની વહેંચાણી કરવી જોઈએ.

૨૫. ઉપરોકત કલમ ૧૧ ની જોગવાઈ ધ્યાને લેતા વર્ગ–૨ ના વારસો વચ્ચે નોંધ મુજબ વહેંચણી કરવા જોગવાઈ કરવામાં આવેલ છે. હાલના કામે વાદીના મૈયત પિતા ઈશ્વરભાઈ કેસરભાઈ ગઢવી તથા હાલના કામના પ્રતિવાદીઓ કેસરભાઈ અલુભાઈ ગઢવીના વારસદારો છે. હાલના કામે આંક–૩૮ થી રજુ કરેલ પેઢીનામુ વંચાણે લેતા કેસરભાઈ અલુભાઈ ગઢવી એટલે કે મરણજનાર મુળજીભાઈ ઉર્ફે મુળુભાઈ કેસરભાઈ ગઢવીના પિતા પેઢીનામુ કર્યાના ૩૮ વર્ષ અગાઉ મરણ ગયેલ હોવાની નોંધ કરવામાં આવેલ છે. આમ મરણ જનારના પિતા તેમના અગાઉ મૃત્યુ પામેલ હોય કલમ ૮ ની અનુસુચિના વર્ગ–૨ માં નોધ નંબર (૧) માં પિતા તરીકે જે ઉલ્લેખ કરેલ છે તે હાલના કીસ્સામાં લાગુ પડતુ નથી. તે સંજોગોમા જયારે હાલના કામના વાદી ના પિતા અને પ્રતિવાદીઓ ગઢવી કેસરભાઈ અલુભાઈના વારસ, સંતાનો હોય સબંધમાં ભાઈ બહેન થાય છે. આમ, હાલના કામના વાદીના પિતા અને પ્રતિવાદીઓ તેમજ મરણ જનાર મુળજીભાઈ કેસરભાઈ ગઢવી સબંધમાં ભાઈ બહેન થતા હોય અનુસુચિના વર્ગ–૨ ની નોંધ નંબર (૩) અને (૪) હાલના કીસ્સામાં લાગુ પડે છે અને સદરહુ હીન્દુ વારસા ધારા કલમ ૧૧ ની જોગવાઈ ધ્યાને લેતા તેઓ વચ્ચે જો મીલકત મળવા પાત્ર થતી હોય તો સરખે હીસ્સે વહેંચણી કરવા પાત્ર થાય છે. આમ વાદીની દાવા અરજીની હકીકતો ધ્યાને લેતા હીન્દુ વારસા હકક અધિનીયમ ૧૯૫૬ ની કલમ ૮ અનુસંધાને અનુસુચિના વર્ગ–૨ ની નોંધ નંબર ૨/૩ તથા ૨/૪ મુજબ બીન વસીયતી મરણજનાર હીન્દુ પુરુષના કીસ્સામાં ભાઈ અને બહેનને તેઓની મીલકતમાંથી સરખે હીસ્સે હકક હીસ્સો મળવા પાત્ર થાય છે.

૨૬. હાલના કામે વાદીના દાવાની દાદ તથા દાવાની વિષય વસ્તુ ધ્યાને લેતાં મરણ જનાર મુળજીભાઈ કેસરભાઈની મીલકતનો ૧/૭ હીસ્સો હોવાની માંગણી કરવામાં આવેલ છે. વધુમાં વાદીની દાવા અરજી મુજબ વાદી આડી લીટીના વારસદાર હોઈ તે મુજબ હાલનો દાવો દાખલ કરેલ છે. ઉપરોકત હીન્દુ વારસા અધિનીયમ ૧૯૫૬ ની કલમ ૮ ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો હીન્દુ પુરુષ તેઓની મીલકત સબંધી વીલ કે વીલ સ્વરૂપનો કોઈ પણ લખાણ કર્યા સિવાય મૃત્યુ પામે તેવા

કીસ્સામાં અનુસુચિમાં જણાવ્યા મુજબ વર્ગ–૧, વર્ગ–૨ ના વારસો વચ્ચે મીલકતની વહેંચણી કરવા પાત્ર થાય છે. આમ, જયારે મરણ જનાર ધ્વારા તેઓની મીલકત સબંધી કોઈ પણ સ્વરૂપનુ લખાણ કે વહીવટ કરવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં કલમ ૮ ની જોગવાઈ લાગુ પડે છે. હાલના દાવામાં વાદી ધ્વારા દાવા વિષયક મીલકત તરીકે બે મીલકત જણાવવામાં આવેલ છે. જે પૈકી (૧) મોજે રામોદડી તા. પેટલાદ ગામમાં ગભાણ–૧ જેનો ગ્રામ પંચાયત અનુક્રમ નંબર ૫૩૧ વાળુ આવેલુ છે. હાલમાં તેનો નંબર ૫૭૮ છે તે તથા (૨) મોજે રામોદડી તા. પેટલાદ ગામમાં ઘર નંગ–૧ જેનો ગ્રામ પંચાયત આકારણી પત્રક નંબર ૫૦૩. આમ, સદરહુ બે મીલકતો વાદીના કહેવા મુજબ મરણ જનાર મુળુભાઈ ઉર્ફે મુળજીભાઈ કેસરભાઈ ગઢવીના હીસ્સે વહેંચણીમાં આવેલ હોય અને તેઓ અપરણીત મરણ ગયેલ હોય તેઓની મીલકતમાં ૧/૭ હીસ્સો હોવાની માંગણી કરેલ છે. સદરહુ મીલકતો સૌ પ્રથમ મુળજીભાઈ ઉર્ફે મુળુભાઈ કેસરભાઈ ગઢવીની માલીકીની હોવાની હકીકત વાદીપક્ષે સાબીત કરવાની રહે છે.

૨૭. સદરહુ મીલકત સબંધી રેકર્ડ ઉપર આવેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતાં સૌ પ્રથમ મીલકત નંબર (૧) મોજે રામોદડી તા. પેટલાદ ગામમાં ગભાણ–૧ જેનો ગ્રામ પંચાયત અનુક્રમ નંબર ૫૩૧ તથા હાલ નવો નંબર ૫૭૮ છે તે અંગે ચર્ચા કરવામાં આવે તો, વાદીની દાવા અરજી મુજબ મરણ જનાર કેસરભાઈ અલુભાઈ ગઢવીની મીલકત અંગે તેઓના વારસો વચ્ચે થયેલ અંદરો અંદરની વહેંચણી મુજબ સદરહુ ગભાણ મુળજીભાઈ ઉર્ફે મુળુભાઈ કેસરભાઈ ગઢવીના ભાગમાં આવેલ છે. વાદી ધ્વારા આંક–૩૯ થી સને ૧૯૯૪–૯૫ ના વર્ષની આકારણીના દાખલા રજુ કરેલ છે. જેમાં મીલકત નંબર ૫૩૧ ગઢવી મુળજીભાઈ તથા રતનસંગ કેસરભાઈ ના નામે દાખલ થયેલ છે અને ભોગવટો કરનાર તથા માલીક તરીકે સદરહુ મુળજીભાઈ તથા રતનસંગનુ નામ સંયુકત રીતે ચાલતુ આવેલ છે. ત્યારબાદ આંક–૪૦ તથા આંક–૪૧ થી રજુ કરવામાં આવેલ અનુક્રમે સને ૨૦૧૦–૧૧ તથા ૨૦૧૧ ના આકારણીના દાખલાના મીલકત નંબર ૫૭૮ જણાવી માલીક તરીકે ગઢવી કુંદનબેન ભરતકુમાર રતનસીંગનુ નામ ચાલતુ આવેલ છે. હાલના કામે વાદી ધ્વારા આંક–૩૬ થી સોગંદ પર સરતપાસ રજુ કરી દાવા અરજીની હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે. જયારે પ્રતિવાદી તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે કેસરભાઈના પુત્ર તરીકે મુળુભાઈને જે મીલકતનો હીસ્સો મળેલો તે બરાબર હતો. તેમા મારે કોઈ વાધો નથી તેમજ અન્યને પણ વાંધો ન હતો. જયારે પ્રતિવાદી તરફે આંક–૫૪ તથા આંક–૬૭ થી અનુક્રમે પ્રતિવાદી નંબર (૧) તથા (૫)

ની સોગંદ પરની સરતપાસ રજુ કરવામાં આવેલ છે. જે પૈકી આંક–૫૪ ના સાહેદની ઉલટતપાસ વંચાણે લેતા તેમા જણાવેલ છે કે એ વાત ખરી છે કે દાવાવાળુ ગભાણ રામોદડી મુકામે આવેલ છે અને તેનો અનુક્રમ નંબર ૫૩૧ અને મીલકત નંબર ૫૭૮ છે. એ વાત ખરી છે કે આ ગભાણ હાલમાં મારા ભાભી કુંદનબેનના નામે ચાલે છે. એ વાત ખરી છે કે તે અગાઉ આ ગભાણ મુળુભાઈ કેસરભાઈના નામે ચાલતુ હતુ. એ વાત ખરી છે કે હાલના કામના વાદી મુળુભાઈના આડી લીટીના વારસમાં આવે છે. જયારે આંક–૬૭ થી તપાસવામાં આવેલ સાહેદ ધ્વારા વાદી તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે પ્રતિવાદી નંબર (૨) કુંદનબેન મારા દીકરા ભરતના પત્ની છે. એ વાત ખરી છે કે ૫૭૮ વાળી મીલકત હાલમા કુંદનબેનના નામે ચાલે છે. મુળુભાઈ કેસરભાઈએ કુંદનબેનને સદર મીલકત સબંધી દસ્તાવેજ કરી આપેલ હોય તેવુ મારી ધ્યાનમાં નથી. આમ, પક્ષકારો તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો તથા મૌખીક પુરાવો ધ્યાને લેતા અનુક્રમ નંબર ૫૩૧ અને મીલકત નંબર ૫૭૮ થી આવેલ ગભાણ મુળુભાઈ કેસરભાઈના હીસ્સે આવેલ હોવાની હકીકત પ્રતિવાદી ધ્વારા સ્વીકારવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રતિવાદી નંબર (૧) તથા (૫) તરફે રજુ કરવામા આવેલ આંક–૭૪ ની લેખીત દલીલમાં અનુક્રમ નંબર ૫૩૧ અને ૫૭૮ એક જ મીલકત છે તે અંગે વાદી તરફે કોઈ પુરાવો રજુ થયેલ નથી તેવી તકરાર લેવામા આવેલ છે. હાલના કામે વાદીની દાવા અરજી મુજબ ગભાણનો ગ્રામ પંચાયત અનુક્રમ નંબર ૫૩૧ હતો જે નવો નંબર ૫૭૮ પડેલ છે તેવી હકીકત જણાવેલ છે. સદર કામે આંક–૩૯ થી રજુ કરવામાં આવેલ સને ૧૯૯૪–૯૫ ના વર્ષનો આકારણી ના દાખલાની નકલ વંચાણે લેતા તેમા અનુક્રમ નંબર ૫૩૧ મીલકત નંબર ૫૩૧ થી ગભાણ/કાચુ મકાન દર્શાવવામાં આવેલ છે. જેમા ભાડાની આકારણીમાં ૧૫૦૦/– રૂપીયા દર્શાવેલ છે. જયારે આંક–૪૦, ૪૧ તથા આંક–૬૧ થી રજુ કરવામાં આવેલ આકારણીના દાખલાની નકલ ધ્યાને લેતા અનુક્રમ નંબર ૫૭૮ મીલકત નંબર ૫૭૮ ઈન્દીરા આવાસ માં ભાડાની આકારણીમાં ૧૫૦૦/– રૂપીયા દર્શાવવામાં આવેલ છે. જે બ્રેકેટ કરી રૂપીયા ૪૦૦૦/– દર્શાવવામાં આવેલ છે. હાલના તબકકે આંક–૫૪ થી પ્રતિવાદી નંબર (૧) ની વાદી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ વંચાણે લેતા તેઓ જણાવે છે કે એ વાત ખરી છે કે દાવાવાળુ ગભાણ રામોદડી મુકામે આવેલ છે અને તેનો અનુક્રમ નંબર ૫૩૧ અને મીલકત નંબર ૫૭૮ છે. એ વાત ખરી છે કે આ ગભાણ હાલમાં મારા ભાભી કુંદનબેનના નામે ચાલે છે. આમ, વાદીની દાવા અરજીને હકીકતે અનુક્રમ નંબર ૫૩૧ થી નોંધાયેલ ગભાણ અને મીલકત નંબર ૫૭૮ થી જણાવવામાં આવેલ ઈન્દીરા આવાસ બંને એકજ મીલકત હોય તેમ રેકર્ડ ઉપર જણાઈ આવે છે. અત્રે સ્પષ્ટતા કરવાની કે વાદી

તથા પ્રતિવાદી તરફે હાલના કામે વહેંચણી અંગે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તેમજ પ્રતિવાદી તરફે મીલકત નંબર ૫૩૧ થી વાદીની દાવા અરજી મુજબ જે ગભાણ દર્શાવવામાં આવેલ છે તે અને મીલકત નંબર ૫૭૮ થી જે મીલકત જણાવેલ છે તે બંને અલગ છે તેવો કોઈ દસ્તાવેજી આધાર રજુ કરવામાં આવેલ નથી. જેથી પ્રથમદર્શનીય રીતે મીલકત નંબર ૫૩૧ તથા ૫૭૮ દાવા અરજીમાં જણાવ્યા મુજબ ગભાણની જગ્યા હોવાનુ માનવાને કારણ રહે છે.

૨૮. ઉપરોકત હકીકતે મીલકત નંબર ૫૩૧ નવો નંબર ૫૭૮ વાળી ગભાણની મીલકત સને ૧૯૯૪–૯૫માં આકારણીના દાખલા મુજબ ગઢવી મુળજીભાઈ તથા રતનસંગ કેસરભાઈના સંયુકત નામે ચાલતી હોવાની હકીકત જણાઈ આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે વાદી ધ્વારા મુળજીભાઈની માલીકી સાબીત કરવા માત્ર આકારણીના દાખલ ઉપર જ આધાર રાખેલ છે. તે સંજોગોમા સદર આંક–૩૯ થી રજુ કરેલ આકારણીના દાખલા મુજબ વાદીની દાવા અરજીની હકીકતો ગભાણની જગ્યા મુળજીભાઈ ઉર્ફે મુળુભાઈ કેસરભાઈ ની સ્વતંત્ર માલીકીની મીલકત હોય તેવી હકીકત જણાઈ આવતી નથી. વધુમાં સદરહુ મીલકતમાં રતનસંગ કેસરભાઈ એટલે કે હાલના કામના પ્રતિવાદી નંબર (૫) નુ નામ સંયુકત રીતે દાખલ થયેલ છે. સદરહુ સને ૧૯૯૪–૯૫ ના વર્ષ થી રતનસંગ કેસરભાઈના સંયુકત નામ અંગે વાદીએ કોઈ વાંધો કે તકરાર લીધેલ હોય કે સદરહુ મીલકત માંથી રતનસંગ કેસરભાઈનુ નામ કમી થયેલ હોય તેવી કોઈ હકીકત વાદી તરફે સમગ્ર ટ્રાયલ દરમીયાન રજુ થયેલ નથી. જેથી ગભાણની જગ્યા મુળજીભાઈ ઉર્ફે મુળુભાઈ કેસરભાઈની માલીકીની હોવા અંગે વાદી તરફે માત્ર આંક–૩૯ ના દસ્તાવેજ ઉપર આધાર રાખેલ છે જે ઉપરથી સદરહુ મીલકત મુળજીભાઈ અને રતનસંગ કેસરભાઈની સંયુકત માલીકીનુ હોવાનુ જણાઈ આવે છે. સદર હકીકતે મીલકત નંબર ૫૩૧ નવો નંબર ૫૭૮ વાળી મીલકતમાં મરણ જનાર મુળજીભાઈ ઉર્ફે મુળુભાઈ કેસરભાઈ ગઢવીનો અડધો હીસ્સો એટલે કે ૫૦ ટકા હીસ્સો સમાયેલ હોય તેમ આંક–૩૯ ના આકારણીના દાખલ ઉપરથી સ્પષ્ટ થાય છે. હાલના કામે આંક–૪૦ તથા આંક–૪૧ થી રજુ આકારણીના દાખલાની નકલ ધ્યાને લેતા ગઢવી કુંદનબેન ભરતકુમાર યાને કે હાલના કામના પ્રતિવાદી નંબર (૨) નુ નામ માલીક તરીકે દાખલ થયેલ છે. સદરહુ મીલકતમાં કુંદનબેન ભરતભાઈનુ નામ કઈ રીતે દાખલ થયેલ છે તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવો હાલના કામે રજુ થયેલ નથી. વધુમાં મુળજીભાઈ ઉર્ફે મુળુભાઈ કેસરભાઈ ગઢવી ધ્વારા તેઓની હયાતી દરમીયાન સદરહુ મીલકત સબંધી ગઢવી કુંદનબેન ભરતકુમારના લાભમાં કોઈ લખાણ કરી આપવામાં આવેલ હોય

તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આંક–૪૦ તથા આંક–૪૧ થી રજુ આકારણી દાખલામાં ગઢવી મુળજીભાઈનુ નામ કઈ રીતે કમી થયેલ છે અને કુંદનબેન ભરતકુમારનુ નામ કઈ રીતે દાખલ થયેલ છે તે અંગે કોઈ હકીકત કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી. સદર હકીકતે આંક–૩૯ થી રજુ કરેલ આકારણીના દાખલા મુજબ મુળજીભાઈ ગઢવીનુ નામ કમી થયા બાબતની કોઈ સ્પષ્ટતા પ્રતિવાદી તરફે કરવામાં આવેલ નથી. વધુમાં ઉપરોકત કરેલ ચર્ચા મુજબ મુળજીભાઈ ગઢવી અપરણીત અને નિર્વંશ મૈયત થયેલ છે અને તેઓ ઘ્વારા તેમની હયાતીમાં સદર ગભાણની જગ્યા અંગે વીલ કે વીલ સ્વરૂપનું કે અન્ય કોઈ પ્રકારનુ લખાણ કુંદનબેન ભરતભાઈ ગઢવીના લાભમાં કરી આપવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોય મરણ જનાર મુળજીભાઈ ઉર્ફે મુળુભાઈ કેસરભાઈ ગઢવીની મીલકતમાં હીન્દુ વારસા અધિનીયમ ૧૯૫૬ ની કલમ ૮ ની જોગવાઈ ઘ્યાને લેતાં બીન વસીયતી મરણ જનાર હીન્દુ પુરુષના હીસ્સામાં થતી મીલકતની વહેંચણીની જોગવાઈ હાલના કીસ્સામાં લાગુ પડે છે અને તે મુજબ મીલકત નંબર ૫૩૧ નવો નંબર ૫૭૮ થી મોજે ગામ રામોદડી તા. પેટલાદ ખાતે આવેલ મીલકતમાં મુળજીભાઈ કેસરભાઈ ગઢવીનો અડધો યાને કે ૫૦ ટકા હીસ્સો સમાયેલ હોય સદરહુ ૫૦ ટકા હીસ્સો હીન્દુ વારસા અધિનીયમ ૧૯૫૬ ની કલમ ૮ માં જણાવેલ અનુસુચિના વર્ગ–૨ મુજબ નોંધ નંબર ૨/૩ અને ૨/૪ માં જણાવ્યા મુજબ ભાઈઓ અને બહેનોને સદરહુ કાયદાની કલમ ૧૧ મુજબ સરખે હીસ્સે મળવા પાત્ર થાય છે.

૨૯. ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વાદીની દાવા અરજીના પેરા. ૧૦/૧ માં જણાવ્યા મુજબની મોજે રામોદડી, તા. પેટલાદમાં આવેલ ગભાણ (૧) જેનો ગ્રામ પંચાયત અનુક્રમ નંબર ૫૩૧ નવો નંબર ૫૭૮ વાળી મીલકતમાં મરણ જનાર મુળજીભાઈ ઉર્ફે મુળુભાઈ કેસરભાઈ ગઢવીનો અડધો અડધ એટલે કે ૫૦ ટકા હીસ્સો સમાયેલ હોવાની હકીકત દસ્તાવેજી પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ છે અને સદરહુ મરણ જનારના મીલકતમાં રહેલ હીસ્સાની આંક–૩૮ માં જણાવ્યા મુજબ (૧) પ્રભુદાસ કેસરભાઈ, (૨) કાન્દાસભાઈ કેસરભાઈ, (૩) ઈશ્વરદાસ કેસરભાઈ, (૪) રતનસંગ કેસરભાઈ, (૫) અમુબેન કેસરભાઈ, (૬) કુવરબેન કેસરભાઈ તથા (૭) જીવુબેન કેસરભાઈ નાઓ ભાઈ તથા બહેન તરીકે સરખે હીસ્સે વહેંચણી કરાવી લેવા હકકદાર થાય છે તેવુ અદાલતનુ માનવુ છે અને સદર હકીકતે મીલકત નંબર ૫૩૧ મોજે ગામ રામોદડી ગામે આવેલ મીલકતમાં વાદીના પિતા ઈશ્વરદાસ તથા આંક–૩૮ ના પેઢીનામામાં જણાવેલ અન્ય વારસોનો મુળજીભાઈ કેસરભાઈના ૫૦ ટકા

હીસ્સામાં ૧/૭ હીસ્સો સમાયેલ છે તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. જેથી હાલના કામના વાદીના પિતા ઈશ્વરભાઈ કેસરદાસ તથા આંક–૩૮ ના પેઢીનામામા જણાવ્યા મુજબના અન્ય વારસદારો મરણ જનાર મુળજીભાઈ ઉર્ફે મુળુભાઈ કેસરભાઈ ગઢવીના આડી લીટીના વારસ તરીકે તેઓની મીલકત વારસાઈ હકકે પ્રાપ્ત કરવા હકકદાર થાય છે.

૩૦. હાલના કામે વાદી ધ્વારા તેઓની દાવા અરજીના પેરા ૧૦(૨) થી મોજે ગામ રામોદડી તા. પેટલાદના ગ્રામ પંચાયત આકારણી નંબર ૫૦૩ થી નોંધાયેલ ઘર અંગે હીસ્સાની માંગણી કરેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે હીન્દુ વારસા અધિનીયમ કલમ ૮ ની જોગવાઈ બીન વસીયતી મરણ જનાર હીન્દુ પુરુષના કીસ્સામાં લાગુ પડે છે. હાલના કામે પ્રતિવાદી તરફે આંક–૧૩ થી રજુ કરેલ દાવા જવાબમાં આકારણી નંબર ૫૦૩ વાળી ઓરડી સંબધી ગઢવી મુળુભાઈ કેસરભાઈએ તા. ૧૦/૧૨/૦૮ ના રોજ રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર ૨૨૭૯ નો પ્રતિવાદી નંબર (૧) ના લાભમાં કરી આપેલ છે તેવી હકીકત જણાવી આંક–૪૯ થી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની સહી સીકકાવાળી નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતાં આકારણી નંબર ૫૦૩ વાળી મીલકત ગઢવી મુળુભાઈ કેસરભાઈ બીન અલુભાઈ ધ્વારા તા. ૧૦/૧૨/૦૮ ના રોજ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર ૧૬/૦૯ થી ગઢવી દીલીપકુમાર રતનસંગ બીન કેસરભાઈને વેચાણ આપવામાં આવેલ છે. આમ, મરણ જનાર મુળજીભાઈ ઉર્ફે મુળુભાઈ કેસરભાઈ ગઢવી ધ્વારા તેઓની હયાતી દરમીયાન આકારણી નંબર ૫૦૩ થી આવેલ ઘર અંગે વેચાણ વ્યવહાર કરવામાં આવેલ છે. આમ, તા. ૧૦/૧૨/૦૮ ના રોજ સદરહુ મીલકત હાલના કામના પ્રતિવાદી નંબર (૧) ને વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવેલ હોય હાલનો દાવો દાખલ કરવામાં આવેલ તે સમયે મરણ જનાર મુળજીભાઈ ઉર્ફે મુળુભાઈ કેસરભાઈ ગઢવીની સદર મીલકત રહેતી નથી અને દાવાની હકીકતે સદરહુ મીલકત સબંધી વેચાણ દસ્તાવેજ કર્યા બાદ મુળજીભાઈ ઉર્ફે મુળુભાઈ કેસરભાઈ ગઢવીનો સદરહુ મીલકત સબંધી કોઈ હકક કે લાગ ભાગ કે હીસ્સો રહેતો નથી. અત્રે ઉલ્લેખનીય છે કે વાદી ધ્વારા પ્રતિવાદીની ઉલટતપાસમાં વહેંચણીમાં ભાગે આવેલ જમીનનો વહીવટ કરવા હકકદાર છે તેવી હકીકત જણાવેલ છે. હાલના કામે આકારણી નંબર ૫૦૩ વાળી મીલકત મુળજીભાઈના હીસ્સે આવેલ હોય તેઓ તેમની હયાતી દરમીયાન મીલકત સબંધી કોઈ પણ જાતનો વ્યવહાર કરવા કાયદેશર હકકદાર છે અને તે રૂઈએ મુળજીભાઈ ઉર્ફે મુળુભાઈ કેસરભાઈ ગઢવી ધ્વારા પ્રતિવાદી નંબર (૧) ના લાભમાં વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે અને તે આધારે પ્રતિવાદી નંબર (૧) નુ નામ મીલકતના આકારણી દફતરે દાખલ

થયેલ છે. આમ, મરણ જનાર ધ્વારા તેઓની મીલકત સબંધી તેઓની હયાતી દરમ્યાન મીલકતની વ્યવસ્થા કરેલ હોય સદરહુ મીલકત બીનવસીયતી મરણજનાર હીન્દુ પુરુષના કીસ્સામાં લાગુ પડતી નથી. જેથી વાદી ધ્વારા દાવા અરજીના પેરા ૧૦(૨) માં જે મીલકતની માંગણી કરેલ છે તે મીલકતમાં હકક હીસ્સો માંગવા વાદી કાયદેસર હકકદાર થતા નથી.

૩૧. હાલના કામે સને ૨૦૦૮માં વાદગ્રસ્ત મીલકત સબંધી પ્રતિવાદી નંબર (૧) ના લાભમાં વેચાણ દસ્તાવેજ થયા બાદ આજદીન સુધી વાદી કે કેસરભાઈ અલુભાઈના અન્ય વારસો ધ્વારા સદરહુ વેચાણ દસ્તાવેજ ચેલેન્જ કરવામાં આવેલ નથી કે વેચાણ દસ્તાવેજ સબંધી કોઈ તકરાર લેવામાં આવેલ નથી. હાલના દાવાના કામે પણ વાદી ધ્વારા વેચાણ દસ્તાવેજ નલ અને વોઈડ છે તેવી કોઈ દાદ માંગવામાં આવેલ નથી. જેથી વાદી **મુદા નંબર (૩)** સાબીત કરવામાં નીષ્ફળ રહેલ હોય તેનો જવાબ **નકારમાં** આપવામાં આવે છે.

૩૨. ઉપરોકત હકીકતે કરેલ ચર્ચા મુજબ વાદી ધ્વારા દાદ માંગવામા આવેલ વાદગ્રસ્ત મીલકતો પૈકી ગભાણની મીલકતમાં અડધો હીસ્સો મરણ જનાર મુળજીભાઈ કેસરભાઈ ગઢવીનો હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. જયારે આકારણી નંબર ૫૦૩ વાળી મીલકત મુળજીભાઈ ધ્વારા તેઓની હયાતી દરમ્યાન પ્રતિવાદી નંબર (૧) ને રજીસ્ટર્ડ દસ્તાવેજીથી વેચાણ કરેલ હોય વાદીનો કોઈ હકક હીસ્સો રહેતો નથી. જેથી રેકર્ડ ઉપર આવેલ હકીકતથી પ્રતિવાદી નંબર (૨) નુ નામ ગભાણ વાળી મીલકતમાં કઈ રીતે દાખલ થયેલ છે તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. વધુમાં પ્રતિવાદી નંબર (૨) હાલના દાવાના કામે હાજર થઈ કોઈ જવાબ આપેલ નથી. વધુમાં ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વાદી ના પિતા ઈશ્વરભાઈ તથા કેસરભાઈના અન્ય વારસો મરણ જનાર મુળજીભાઈ ગઢવીના આડી લીટીના વારસદાર છે તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. તે સંજોગોમા ગભાણ વાળી મીલકતમાં આડી લીટીના વારસ તરીકે વાદી તથા અન્ય વારસોનો હકક હીસ્સો હોવા છતાં પ્રતિવાદી નંબર (૨) ધ્વારા ખોટી રીતે પોતાના નામે ચઢાવી દીધેલ હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે. જયારે પ્રતિવાદી નંબર (૧) ધ્વારા ખોટી રીતે પોતાના નામે મીલકત કરાવી લીધેલ હોવાનુ રેકર્ડ ઉપર આવેલ ન હોય **મુદા નંબર (૩)** નો જવાબ **અંશતઃ હકારમાં** આપવામાં આવે છે.

૩૩. હાલના કામે પ્રતિવાદી ધ્વારા વાદીના દાવાને લીમીટેશનનો તથા જરૂરી પક્ષકારનો તેમજ દાવાના કારણનો બાધ નડતો હોય દાવો નામંજુર કરવા દાદ માંગેલ છે. હાલના કામે વાદી ધ્વારા તેઓની

દાવા અરજીમાં કેસરભાઈ અલુભાઈ ગઢવીની સમગ્ર મીલકત સબંધી કોઈ દાદ માંગવામાં આવેલ નથી. માત્ર મુળજીભાઈ ઉર્ફે મુળુભાઈ કેસરભાઈ ગઢવી ની ગભાણ તથા ઘર અંગેની મીલકતમાં આડી લીટીના વારસ તરીકે ૧/૭ હીસ્સો હોવાની દાદ માંગવામાં આવેલ છે. હાલના કામે આંક–૩૭ થી રજુ મરણનો દાખલો ધ્યાને લેતા મુળજીભાઈ કેસરભાઈ ગઢવી તા. ૨૩/૪/૨૦૦૯ ના રોજ મરણ ગયેલ છે. તે સંજોગોમાં લીમીટેશન એકટના આર્ટીકલ ૧૧૦ ની જોગવાઈ ધ્યાને લેવામા આવે તો અવિભકત કુટુંબની મીલકતમાંથી બાકાત રાખવામાં આવેલ વ્યકિતઓનો તેવી મીલકતમાનો પોતાનો હીસ્સો મેળવવા માટેનો દાવો દાખલ કરવાની સમય મર્યાદા બાર વર્ષની છે. હાલના કામે મુળજીભાઈ કેસરભાઈ ગઢવી તા. ૨૩/૪/૨૦૦૯ ના રોજ મરણ ગયા બાદ વાદી ધ્વારા તા. ૫/૧૦/૧૧ ના રોજ હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે. આમ લીમીટેશન એકટના આર્ટીકલ ૧૧૦ ની જોગવાઈ ધ્યાને લેતા હાલનો દાવો વાદી ધ્વારા સમય મર્યાદામાં દાખલ કરવામાં આવેલ હોય **<u>મુદા નંબર (૫)</u>** નો જવાબ **<u>નકારમાં</u>** આપવામાં આવે છે.

*૩૪.* વાદી ધ્વારા હાલનો દાવો ઈશ્વરભાઈ કેસરભાઈ ગઢવીની સંયુકત અવિભકત કુટુંબની મીલકતોના વહીવટકર્તા તરીકે દાખલ કરવામાં આવેલ છે. જયારે પ્રતિવાદી તરફે તકરાર લેવામાં આવેલ છે કે ઈશ્વરભાઈ કેસરભાઈ ગઢવીની વિધવા પત્ની કે અન્ય વારસો ધ્વારા હાલનો દાવો કરવામાં આવેલ નથી. જેથી વાદીના દાવાને જરૂરી પક્ષકારોની ખામીનો બાધ નડે છે. કાયદાની જોગવાઈ ધ્યાને લેવામા આવે તો જરૂરી અને યોગ્ય પક્ષકાર એમ બે પક્ષકાર હોય છે જે પૈકી જરૂરી પક્ષકારના જોડાણ સિવાય અસરકારક હુકમનામુ પસાર થઈ શકે નહી. જયારે યોગ્ય પક્ષકારના જોડાણ સિવાય અસરકારક હુકમનામુ પસાર થઈ શકે. હાલના કામે પ્રતિવાદી ધ્વારા ઈશ્વરભાઈ કેસરભાઈના અન્ય વારસોએ હાલના કામે દાવો દાખલ કરેલ નથી કે પક્ષકાર તરીકે જોડેલ નથી તેવી રજુઆત કરેલ છે. પરંતુ વાદી ધ્વારા તેઓની દાવા અરજીમા ઈશ્વરભાઈ કેસરભાઈના વારસ તરીકે મરણ જનાર મુળજીભાઈ કેસરભાઈની મીલકતમાંથી ૧/૭ એટલે કે જે હીસ્સો ઈશ્વરભાઈનો આવે છે તે હીસ્સાની માંગણી કરવામાં આવેલ છે. વધુમાં હાલનો દાવો વાદી ધ્વારા ઈશ્વરભાઈ કેસરભાઈ ગઢવીની સંયુકત અવિભકત કુટુંબની મીલકતોનો વહીવટકર્તા તરીકે દાખલ કરેલ છે. જેથી ઈશ્વરભાઈ કેસરભાઈના અન્ય વારસોને હાલના કામે પક્ષકાર તરીકે જોડેલ ન હોય તેટલા કારણ માત્રથી અસરકારક હુકમનામુ પસાર થઈ શકે નહી તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી. વધુમાં ઈશ્વરભાઈ કેસરભાઈના વીધવા પત્ની કે અન્ય વારસો હાલના કામે યોગ્ય પક્ષકાર હોઈ શકે પરંતુ

તેઓની ગેરહાજરીમાં અસરકારક હુકમનામુ પસાર થઈ શકે નહી તેવી પ્રતિવાદીની દલીલ ટકવા પાત્ર ન હોય હાલના દાવાને જરૂરી પક્ષકારનો બાધ નડતો હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોય **મુદા નંબર (૬)** નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે.

૩૫. હાલના કામે વાદી ધ્વારા ગભાણ અને ઘર અંગે ૧/૭ હીસ્સો આડી લીટીના વારસ તરીકે દાવો દાખલ કરેલ છે. જે અનુસંધાને દાવાના કારણમાં જણાવેલ છે કે દાવાવાળી મીલકતમાંથી તેની સરસ નરસ વહેંચણી કરી અમો વાદીનો આવતો હીસ્સો જુદો પાડી અમારો પ્રત્યક્ષ કબજો સોંપવા માટેની તા. ૧૪/૨/૧૧ ના રોજ નોટીસ આપી માંગણી કરી ત્યારથી અને ત્યારબાદ આપ સાહેબની હકુમતમાં ગામ રામોદડી મધ્યે ઉત્પન્ન થયેલ છે. હાલના કામે વાદી ધ્વારા આડી લીટીના વારસ તરીકે પોતાનો હીસ્સો મેળવવા દાદ માંગેલ છે તેમજ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા અંગે ઉપરોકત કરેલ ચર્ચા અંગે ગભાણ વાળી જગ્યામાં પ્રતિવાદી નંબર (૨) નુ નામ દાખલ થયેલ છે. જે કઈ રીતે દાખલ થયેલ છે તે અંગે કોઈ સ્પષ્ટતા પ્રતિવાદીઓ તરફે કરવામાં આવેલ નથી. આમ વાદગ્રસ્ત મીલકતોમાં વાદીનો ૧/૭ હીસ્સો સમાયેલો હોય તે અંગે હાલનો દાવો મુળજીભાઈ ઉર્ફે મુળુભાઈ કેસરભાઈ ગઢવી મરણ ગયા બાદ દાખલ કરેલ હોય વાદીને દાવો દાખલ કરવા વ્યાજબી કારણ ઉપસ્થિત થયેલ હોય તેમ જણાઈ આવતુ હોય **મુદા નંબર (૭)** નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે.

૩૬. હાલના કામે વાદી ધ્વારા દાવાવાળી મીલકતમાં પ્રતિવાદીઓ પ્રવેશ કરતા રોકે રોકાવે નહી તથા વાપર ઉપભોગ કરતા અવરોધ અટકાવ કરે કરાવે નહી તેઓ મનાઈ હુકમ મેળવવા દાદ માંગેલ છે. હાલના કામે વાદગ્રસ્ત મીલકતો પૈકી ગભાણ વાળી મીલકત આકારણીના દાખલ મુજબ હાલમાં કુંદનબેન ભરતભાઈ ગઢવીના નામે ચાલતી આવેલ છે. જયારે આકારણી પત્રક નંબર ૫૦૩ ની નોંધાયેલ મીલકત પ્રતિવાદી નંબર (૧) ને વેચાણ દસ્તાવેજથી પ્રાપ્ત થયેલ હોય સદરહુ મીલકત તેમના પ્રત્યક્ષ કબજા ભોગવટામા આવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. જેથી વાદગ્રસ્ત મીલકત પૈકી ગભાણ કે ઘરનો કબજો ભોગવટો વાદીનો હોય એવી કોઈ હકીકત હાલના કામે રેકર્ડ ઉપર આવેલ નથી કે કબજો સાબીત કરવા વાદી તરફે કોઈ પુરાવો રજુ થયેલ નથી. જેથી વાદગ્રસ્ત મીલકતો પૈકી કોઈ મીલકતનો કબજો વાદીનો આવેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર જણાઈ આવતી ન હોય વાદી માંગ્યા મુજબ મનાઈ હુકમની દાદ મેળવવા હકકદાર થતા નથી.

૩૭. ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વાદી ધ્વારા ગ્રામ પંચાયત અનુક્રમ નંબર ૫૩૧ નવો નંબર ૫૭૮ વાળી ગભાણ તથા અનુક્રમ નંબર ૫૦૩ થી આવેલ ઘર અંગે ૧/૭ હીસ્સો જુદો પાડી કબજો મેળવવા દાદ માંગેલ છે. જે સબંધે ઉપરોકત મુદાઓ લગત કરેલ ચર્ચા મુજબ ગ્રામ પંચાયત અનુક્રમ નંબર ૫૩૧ નવો નંબર ૫૭૮ વાળી ગભાણની જગ્યામાં અડધો હીસ્સો મુળજીભાઈ ઉર્ફે મુળુભાઈ કેસરભાઈ ગઢવીનો આવેલ હોય સદર મીલકતમાં મરણ જનાર મુળજીભાઈ ઉર્ફે મુળુભાઈ કેસરભાઈ ગઢવીના અડધા હીસ્સામાંથી આંક–૩૮ ના પેઢીનામામાં જણાવ્યા મુજબ મુળજીભાઈ તથા તખતસિંહ સિવાયના સાત વારસદારો ૧/૭ લેખે હીસ્સો મેળવવા હકકદાર થતા હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. જયારે મોજે રામોદડીના ગ્રામપંચાયત આકારણી પત્રક નંબર ૫૦૩ થી નોંધાયેલ ઘર વેચાણ દસ્તાવેજથી પ્રતિવાદી નંબર (૧) ને વેચાણ આપવામાં આવેલ હોય તે મીલકત સબંધી વાદી કોઈ દાદ મેળવવા હકકદાર થતા ન હોય વાદી ધ્વારા તેઓની દાવા અરજીના પેરા–૯ માં જે દાદ માંગેલ છે તે માત્ર ગભાણની ૫૦ ટકા જગ્યા પુરતી મેળવવા હકકદાર થતા હોય અને તેટલી જગ્યા સબંધી પ્રતિવાદી વિરૂધ્ધ મનાઈ હુકમ મેળવવા હકકદાર થતા હોય **<u>મુદા નંબર (૮)</u>** નો જવાબ **<u>અંશતઃ હકારમાં</u>** આપી **<u>મુદા નંબર (૯)</u>** પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## **<u>હુ ક મ</u>**

૧. વાદીનો દાવો આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

૨. મોજે ગામ રામોદડી, તા. પેટલાદનાં ગ્રામ પંચાયત અનુક્રમ નંબર ૫૩૧, નવો નંબર ૫૭૮ થી નોંધાયેલ મીલકતમાં મરણ જનાર મુળજીભાઈ ઉર્ફે મુળુભાઈ કેસરભાઈ ગઢવીનો અડધો (૫૦ ટકા) હીસ્સો સમાયેલ હોય તે મિલકતમાં હાલના કામના વાદી (ઇશ્વરદાસ કેસરભાઇ ગઢવી) તથા પ્રતિવાદી નંબર (૩) થી (૮) દરેકનો ૧/૭ હીસ્સો હોવાનું ઠરાવવામાં આવે છે.

૩. ઉપરોકત મીલકતની વહેંચણી સબંધી અત્રેની અદાલતના રજીસ્ટારની કોર્ટ કમીશ્નર તરીકે નીમણુંક કરવામાં આવે છે. જેઓએ હુકમ મુજબ હીસ્સા કરી અત્રેની અદાલતમાં રીપોર્ટ કરવો.

૪. હુકમ મુજબ સી.પી.સી. ઓર્ડર ૨૦, રુલ–૧૮ તથા સી.પી.સી.કલમ–૫૪ મુજબ પ્રાથમિક હુકમનામુ દોરવા આથી હુકમ કરવામાં આવે છે.

૫. હુકમની એક નકલ રજીસ્ટાર સિવીલ કોર્ટ પેટલાદને યાદી સાથે હુકમના અમલ સારૂ મોકલી આપવી.

૬. પક્ષકારોએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

આજ રોજ તારીખ ૩૦ મી, માહે નવેમ્બર, સને ૨૦૧૯ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**પ્રિતેશ જગદીશચંદ્ર કાયસ્થ**
એડીશનલ સીવીલ જજ,
પેટલાદ
(જીજે-૦૧૦૫૩)